

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 013
Dt.: 21-09-2025, Sunday
Page : 04
Rs.00.50 paisa
EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ભાવનગરમાં પીએમ મોદીનો ભવ્ય રોડ શો, જનતાએ કર્યુ જોરદાર સ્વાગત

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર


વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે પોતાના ગૃહ રાજ્ય ગુજરાતમાં પહોંચ્યા હતા અને ભાવનગરમાં એક વિશાળ રોડ શોનું આયોજન કર્યું હતું. આ રોડ શો એરપોર્ટથી ગાંધી મેદાન સુધી લગભગ એક કિલોમીટર લાંબો રહ્યો હતો, જ્યાં તેમણે એક જાહેર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. બંને બાજુ હજારો લોકો લાઇનમાં ઉભા રહીને તેમનું ભવ્ય સ્વાગત કર્યુ હતુ. આ દરમિયાન જનતાએ તેમને વધાવી લીધાસ ફૂલો અને તાળીઓથી પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ગુજરાતના ભાવનગરમાં રોડ શો યોજ્યો હતો. આ રોડ શો એરપોર્ટથી શરૂ થયો હતો, જે લગભગ એક કિલોમીટરનું અંતર કાપતો હતો અને ગાંધી મેદાનમાં સમાપ્ત થયો હતો, જ્યાં તેમણે એક જાહેર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. માર્ગ પર મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા, ફૂલો અર્પણ કરતા હતા અને મોદીને હાથ લહેરાવતા હતા.

માર્ગ પર સ્ટેજ ગોઠવવામાં આવ્યા હતા, જ્યાં નૃત્ય કલાકારોએ પ્રદર્શન કર્યું હતું. ઓપરેશન સિંદૂરની જીતની ઉજવણી કરતા બેનરો અને GST સુધારા માટે તેમનો આભાર માનતા પોસ્ટરો પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કર્યું, "પીએમ મોદી આજે ગુજરાતની મુલાકાતે છે. આ પ્રસંગે, હું તમારા બધા સાથે આ ગીત શેર કરી રહ્યો છું, જે દેશના સામાન્ય લોકોની તેમના પ્રત્યેની લાગણીઓને વ્યક્ત કરે છે. તેમણે દરેક નાગરિકની ચિંતાઓનું ધ્યાન રાખીને તેમના હૃદયમાં સ્થાન મેળવ્યું છે.

રાષ્ટ્રીય હિતને પ્રથમ રાખીને, તેમણે વિશ્વમાં ભારતનો ધ્વજ ઊંચો કર્યો છે. આ ગીત તે લાગણીઓને પ્રતિબિંબિત કરે છે, તે ગૌરવનું પ્રતિબિંબ." વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભાવનગર ખાતે આગમન થતાં યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ભાવનગરની વિવિધ કોલેજો અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ વડાપ્રધાનને આવકારવા માટે અનોખો ઉત્સાહ દર્શાવ્યો હતો. ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, એસ.એસ. કોલેજ, મહારાજા કૃષ્ણકુમાર સિંહજી ભાવનગર યુનિવર્સિટી અને સર બીપીટીઆઈ કોલેજના NSS (નેશનલ સર્વિસ સ્કીમ)ના સ્વયંસેવકો માય ભારતના લોગોવાળા ટી-શર્ટ અને કેપ પહેરીને સભા સ્થળે પહોંચ્યા હતા. આ વિદ્યાર્થીઓએ વડાપ્રધાનને સત્કારવા માટે અનેરી આતુરતા બતાવી હતી. આ પ્રસંગે ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજની વિદ્યાર્થીની

પૂજાબા ગોહિલે જણાવ્યું કે, અમારા વડાપ્રધાનને આવકારવા માટે અમે ખૂબ જ ઉત્સાહિત છીએ. તેમણે શરૂ કરેલા સ્વચ્છ ભારત અભિયાન અને નશા મુક્ત ભારત જેવા અભિયાનોએ સમાજ અને રાષ્ટ્રમાં સકારાત્મક પરિવર્તન લાવ્યું છે. અન્ય એક વિદ્યાર્થી યુગ કોટડીયાએ પણ વડાપ્રધાનને રૂબરૂ જોવા અને સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે વડાપ્રધાનના સંબોધનથી નવી પ્રેરણા પ્રાપ્ત કરવાનો તેમનો ઉત્સાહ છે. આ યુવાનોનો ઉત્સાહ દર્શાવે છે કે વડાપ્રધાનના આગમનને લઈને ભાવનગરના યુવાવર્ગમાં કેવો અનેરો માહોલ છવાયો છે.



### મોરક્કોમાં રાજનાથ સિંહ કરશે ઉદ્ઘાટન

## વિદેશમાં ભારતની પ્રથમ સંરક્ષણ ફેક્ટરી સ્થપાઈ

### સંરક્ષણ મંત્રી કેસાબ્લાંકાના બેરેકિડમાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડના સંરક્ષણ ફેક્ટરીનું ઉદ્ઘાટન કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ૨૨ સપ્ટેમ્બરે બે દિવસીય મોરોક્કોની સત્તાવાર મુલાકાતે જઈ રહ્યા છે. આ પહેલીવાર છે જ્યારે કોઈ ભારતીય સંરક્ષણ મંત્રી મોરોક્કોનો પ્રવાસ કરી રહ્યા છે. આ મુલાકાતથી બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થશે અને સંરક્ષણ-ઔદ્યોગિક સહયોગ વધુ મજબૂત થશે.

આ દરમિયાન તેઓ ત્યાં 'ભારતની પ્રથમ સંરક્ષણ ફેક્ટરી'નું ઉદ્ઘાટન પણ કરશે. સંરક્ષણ મંત્રી કેસાબ્લાંકાના બેરેકિડમાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (TASL)ના સંરક્ષણ ફેક્ટરીનું ઉદ્ઘાટન કરવાના છે.

આ ડિફેન્સ ફેક્ટરી મોરોક્કોના રોયલ આર્મ્ડ ફોર્સીસ સાથેની ભાગીદારીથી સ્થાપવામાં આવ્યું છે. આફ્રિકામાં આ ભારતનો પ્રથમ સંરક્ષણ ઉત્પાદન પ્લાન્ટ છે. સપ્ટેમ્બર-૨૦૨૪માં ટાટા ગ્રૂપે લશ્કરી વાહનનું ઉત્પાદન કરવા માટે મોરક્કો સાથે કરાર કર્યા હતા. આ ફેક્ટરીમાં કુલ ૧૫૦ વાહનો બનાવાશે.

આ ફેક્ટરીમાં વ્હીલ્ડ આર્મર્ડ પ્લેટફોર્મ (WhAP)ના લશ્કરી વાહનનું નિર્માણ કરવામાં આવશે. આ એક ૮ પૈડાવાળું બખ્તરબંધ વાહન છે, જેને ટીએએસએલ અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા સંયુક્ત રીતે બનાવાયું છે. ભારતીય સેના હાલમાં પણ આ વાહનોનો ઉપયોગ કરી રહી છે, અને તેની કેટલીક યુનિટ લદ્દાખમાં તૈનાત છે.

વ્હીલ્ડ આર્મર્ડ પ્લેટફોર્મ લશ્કરી વાહન ૮ પૈડાવાળું બખ્તરબંધ વાહન છે. તેની ખાસીયત એ છે કે, તે કોઈપણ પ્રકારના રોડ-રસ્તાઓ પર દોડવાની ક્ષમતા ધરાવે છે. વાહનનું વજન ૨૪ ટન, લંબાઈ, ૭.૮૫ મીટર, પહોંળાઈ ૩ મીટર અને ઊંચાઈ ૨.૩ મીટર છે. તેમાં ૧૦થી ૧૨ સૈનિકો બેસી શકે છે.

આ ૮ પૈડાવાળું લશ્કરી વાહન પાણી અને જમીન બંનેમાં દોડી શકે છે. જમીન પર તેની મહત્તમ ગતિ ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાક છે, જ્યારે પાણીમાં તેની ગતિ ૧૦ કિલોમીટર પ્રતિ કલાક છે. વાહનમાં ૩૦ મિલીમીટરની ઓટોકેનન ટરેટ ગન અથવા ૭.૬૨ મિલીમીટરની નાની મશીન ગન ગોઠવી શકાય છે. ભારતીય સેના આ વાહનનો ઉપયોગ કરી રહી છે. તેનું ૨૪ ટન વજન છે અને તે ૭.૮૫ મીટર લાંબુ, ૩ મીટર પહોળું અને ૨.૩ મીટર ઊંચું છે. આ વાહનમાં ૧૦-૧૨ સૈનિકો સવાર થઈ શકે છે. રાજનાથ સિંહ મોરક્કો પહોંચીને સંરક્ષણ મંત્રી અબ્દેલતીફ લૌદિયી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. આ ઉપરાંત તેઓ બંને દેશો વચ્ચે ઔદ્યોગિક ભાગીદારી વધારવાની તકો માટે ઉદ્યોગ અને વેપાર મંત્રી રિયાદ મેજૌર સાથે પણ મુલાકાત કરશે. આ મુલાકાત દરમિયાન ભારત-મોરોક્કો સંરક્ષણ ક્ષેત્રમાં એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરી શકે છે.

ભારત-મોરોક્કો વચ્ચે સંરક્ષણ ક્ષેત્રમાં ભાગીદારીનો પાયો મજબૂત થઈ રહ્યો છે. ૨૦૨૩માં પણ મોરોક્કોની સેનાને ટાટા ગ્રૂપે બનાવેલ ૯૨ સૈન્ય ટ્રક અપાયા હતા. ગત વર્ષે મોરક્કોએ ન્ેંછ ૨૪૪૫ ડિફેન્સ ડમ્પ ટ્રક ખરીદવા માટે ટાટા ગ્રૂપ સાથે સમજૂતી કરાર કર્યા હતા. આ ટ્રક ખૂબ જ ખરાબ વાતાવરણમાં સામગ્રી પહોંચાડવાનું કામ સરળતાથી કરે છે.

### અમૂલે ઘી, માખણ, આઈસ્ક્રીમ સહિત ૭૦૦ વસ્તુઓ સસ્તી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દેશની સૌથી મોટી ડેરી બ્રાન્ડ અમૂલે પોતાના ગ્રાહકોને મોટી ભેટ આપી છે. કંપનીએ ઘી, માખણ, આઈસ્ક્રીમ, પનીર અને ચોકલેટ સહિત ૭૦૦થી વધારે સામાના કિંમતો ઘટાડવાની જાહેરાત કરી છે.

ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને જણાવ્યું કે આ બદલાવ ૨૨ સપ્ટેમ્બરથી લાગૂ થશે. કંપનીએ કહ્યું કે GST દરમાં કાપનો પૂરેપૂરો ફાયદો ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવશે.નવા ભાવ અનુસાર, ૧૦૦ ગ્રામ માખણની છુટક કિંમત ૬૨ રુપિયાથી ઘટાડીને ૫૮ રુપિયા કરી દીધા છે. તો વળી ઘીની કિંમતમાં ૪૦ રુપિયાનો ઘટાડો કર્યો છે, જેનાથી હવે તે ૬૧૦ રુપિયા પ્રતિ લીટરમાં મળશે. એટલું જ નહીં, અમૂલ પ્રોસેસ્ડ ચીઝ બ્લોક (૧ કિલો) હવે ૫૪૫ રુપિયામાં મળશે. જ્યારે પહેલા તેની કિંમત ૫૭૫ રુપિયા હતી. કંપનીએ ફ્રોઝન પનીર (૨૦૦ ગ્રામ)ની કિંમત ૯૯ રુપિયાથી ઘટાડીને ૯૫ કરી દીધા છે.

### લોન્ચ પહેલા રેલવે મંત્રીએ આપી ખુશખબર

## સામાન્ય લોકોને પોસાય તે પ્રકારે રખાશે બુલેટ ટ્રેનનું ભાડું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ દરરોજ એક નવી સિદ્ધિ તરફ આગળ વધી રહ્યો છે. શનિવારે આ પ્રોજેક્ટની પહેલી સુરક્ષા ટનલનું કામ પૂરુ થઈ ગયું. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ખુદ ધનસોલી અને શિલફાટા વચ્ચે બનેલ આ ૫ કિલોમીટર લાંબી ટનલનું બ્રેકથ્રૂ બ્લાસ્ટ કર્યો. આ તકે તેમણે સ્પષ્ટ કહ્યુ કે બુલેટ ટ્રેનનું ભાડું સામાન્ય વ્યક્તિના ખિસ્સાને ધ્યાનમાં રાખી નક્કી કરવામાં આવશે, જેથી આ ટ્રેન માત્ર ધનવાનો સુધી સીમિત ન રહે, પરંતુ દરેક વર્ગ તેનો લાભ ઉઠાવી શકે. ભારતના આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં મુંબઈમાં સમુદ્રની નીચે ૨૧ કિલોમીટર લાંબી ટનલ બનાવવામાં આવી રહી છે. અત્યાર સુધી તેનો પ્રથમ ૫ કિલોમીટરનો ભાગ તૈયાર થઈ ગયો છે, જે સુરક્ષા અને રેસ્ક્યુ ટનલ તરીકે કામ કરશે. આ કોઈ ઈમરજન્સી સ્થિતિમાં યાત્રિકોની સુરક્ષાની ખાતરી કરશે. આ પ્રોજેક્ટ ન માત્ર ભારત માટે તકનીકી દ્રષ્ટિએ મોટી છલાંબ છે પરંતુ દુનિયાના કેટલાક ગણતરીના દેશોની શ્રેણીમાં સામેલ કરશે, જેની પાસે અંડરસી હાઈસ્પીડ ટનલ છે. આ ટનલ નવી ઑસ્ટ્રિયન ટનલીંગ પદ્ધતિ (NATM) નો ઉપયોગ કરીને બનાવવામાં આવી હતી. આ એક આધુનિક અને સલામત તકનીક છે જેનો ઉપયોગ મુશ્કેલ ભૂપ્રદેશ અને ખડકોની રચનામાં ટનલ બનાવવા માટે થાય છે. તે જાપાન અને યુરોપ જેવા દેશોમાં પહેલાથી જ ઉપયોગમાં છે, અને હવે ભારતે આ તકનીકને સફળતાપૂર્વક અપનાવી છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો કુલ ખર્ચ આશરે રૂ.૧.૦૮ લાખ કરોડ છે. આ કોરિડોર પર બાર સ્ટેશનો બનાવવામાં આવી રહ્યા છે. આમાંથી, મુંબઈનું બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC) સ્ટેશન એકમાત્ર ભૂગર્ભ સ્ટેશન હશે. બાકીના બધા સ્ટેશનો એલિવેટેડ અથવા સામાન્ય જમીન પર હશે. ટનલ બ્રેકથ્રૂ પર રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યુ કે સરકાર ઈચ્છે છે કે બુલેટ ટ્રેનનું ભાડા સામાન્ય લોકોની પહોંચમાં હોય. ભાડું તે રીતે નક્કી કરવામાં આવશે કે આ ટ્રેન ભારતના દરેક નાગરિક માટે ઉપલબ્ધ હોય, ન કે માત્ર ખાસ વર્ગ માટે. રેલ મંત્રાલયનું લક્ષ્ય છે કે ૨૦૨૮ સુધી બુલેટ ટ્રેનનો પ્રથમ તબક્કો શરૂ કરી દેવામાં આવશે. શરૂઆતી ફેઝમાં અમદાવાદથી મુંબઈ વચ્ચે ટ્રેન ચલાવવામાં આવશે.

## હું ફરી કહું છું, ભારતના વડાપ્રધાન નબળા છે: H1B વિઝા મુદ્દે રાહુલ ગાંધીનું નિવેદન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાના H-1B વિઝા પર વાર્ષિક ૧ લાખ ડોલરની નવી ફી લગાવવાનો નિર્ણય લીધો છે. આ નિયમ ૨૧ સપ્ટેમ્બરથી લાગૂ થઈ જશે. પરંતુ તેનાથી અમેરિકાનો ખજાનો ભરાશે. પરંતુ તેનાથી અમેરિકા જનારા અને ત્યાં રહેલા ભારતીયો માટે આર્થિક મુશ્કેલી ઉભી થશે. આ એક મોટી સમસ્યા છે, જેના કારણે ભારતમાં રાજકીય હલચલ વધી ગઈ છે. વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર સીધો હુમલો કર્યો છે. તેમણે પોતાની ૨૦૧૭ની એક પોસ્ટનો ઉલ્લેખ કરતા મોદીને નબળા પ્રધાનમંત્રી ગણાવ્યા છે. રાહુલે કહ્યુ કે તેમણે પહેલા જ ચેતવણી આપી હતી કે અમેરિકા ભારતના પ્રોફેશનલ્સને નુકસાન પહોંચાડનાર પગલાં ભરી શકે છે,



પરંતુ પીએમ મોદીએ કોઈ મજબૂત કાર્યવાહી ન કરી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, "હું પુનરાવર્તન કરું છું, ભારતના પ્રધાનમંત્રી નબળા છે." તેમણે ૫ જુલાઈ, ૨૦૧૭ ના રોજની તેમની પોસ્ટ શેર કરી, જેમાં તેમણે પીએમને ચેતવણી આપી હતી કે અમેરિકા H-1B વિઝા અંગે મોટો નિર્ણય લઈ શકે છે. કોંગ્રેસ પ્રવક્તા પવન ખેડાએ પણ પીએમ મોદીને ઘેર્યા અને કહ્યુ- રાહુલ ગાંધીએ ૨૦૧૭મા ચેતવણી આપી હતી. પરંતુ તે સમયે પણ પ્રધાનમંત્રી ચુપ હતા અને આજે પણ ચુપ છે. ટ્રમ્પ આપણે દરરોજ નીચા દેખાડી રહ્યા છે અને પીએમ કંઈ બોલતા નથી. યુએસ પ્રમુખ ટ્રમ્પના નવા વિઝા ફેરફારો હેઠળ, H-1B વિઝા માટે હવે વાર્ષિક $100,000 (આશરે ૮.૩ મિલિયન રૂપિયા) ફી ચૂકવવાની રહેશે. યુએસનો દલીલ છે કે H-1B વિઝાનો હેતુ કુશળ વિદેશી કામદારોને આકર્ષવાનો હતો, પરંતુ તેનો દુરુપયોગ થઈ રહ્યો છે અને અમેરિકન કામદારોને નુકસાન પહોંચાડી રહ્યો છે. કંપનીઓએ હવે તેમની વિઝા અરજીઓ સાથે ચુકવણીનો પુરાવો પ્રદાન કરવાની જરૂર પડશે. મુક્તિ ફક્ત એવા ચોક્કસ કિસ્સાઓમાં જ આપવામાં આવશે જ્યાં રાષ્ટ્રીય હિત સંકળાયેલું હોય. આ નિર્ણયની સીધી અસર હજારો ભારતીય વ્યાવસાયિકો પર પડશે જેઓ યુએસમાં કામ કરવા માંગે છે, ખાસ કરીને આઈટી ક્ષેત્રમાં કામ કરતા લોકો પર. યુએસ કર્મચારીઓને મોકલવાનું હવે ભારતીય કંપનીઓ માટે વધુ મોંઘું સાબિત થશે. આનાથી દેશમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCC) ની સંખ્યામાં વધારો થઈ શકે છે.

## સાઉથના સુપરસ્ટાર મોહનલાલને મળશે દાદાસાહેબ ફાળકે એવોર્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈન્ડિયન સિનેમાની દુનિયામાં કેટલાય એવોર્ડ્સ એવા છે, જેનું નામ ખૂબ જ મોટા હોય છે. તેમાંથી એક છે દાદાસાહેબ ફાળકે એવોર્ડ. સિનેમાના ક્ષેત્રમાં આ સૌથી મોટો એવોર્ડ છે. હાલમાં જ ભારત સરકારે દાદાસાહેબ ફાળકે એવોર્ડ ૨૦૨૩ માટે એક્ટરના નામની જાહેરાત કરી દીધી છે. આ એવોર્ડ માટે સાઉથ એક્ટર મોહનલાલના નામની જાહેરાત કરી છે. આ સમાચાર આવતા ચાહકોમાં ખુશીની લહેર દોડવા લાગી છે.

મોહનલાલ માટે આ ઐતિહાસિક ક્ષણ સામે આવી છે. આ ઘોષણા દાદાસાહેબ ફાળકે એવોર્ડ સિલેક્શન કમિટીની ભલામણ પર થઈ છે. આ એવોર્ડ ભારતીય સિનેમાનું સૌથી મોટું સન્માન છે. મોહનલાલને આ એવોર્ડ ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ૭૧માં નેશનલ ફિલ્મ એવોર્ડ્સ ઈવેન્ટમાં આપવામાં આવશે. એક્ટરને રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે શુભકામના આપી છે. તેમણે એક્ટરને શુભકામના આપતા પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા પર લખ્યું કે કેરળની શાનદાર ધરતી આદિપોલીથી લઈને દુનિયાભરમાં દર્શકો સુધી, તેમના કામે આપણી સંસ્કૃતિનો જશ્ન મનાવ્યો છે અને આપણી આકાંક્ષાઓ વધારી છે. તેમની વિરાસત ભારતની રચનાત્મક ભાવનાને પ્રેરણા આપતી રહેશે.

મોહનલાલની ફિલ્મી યાત્રા લાખો લોકો માટે ખૂબ જ ઈંસ્પાયરિંગ છે. તેમણે પોતાના કરિયરમાં એક્ટિંગની સાથે સાથે ડાયરેક્શન અને પ્રોડક્શનમાં પણ પોતાની અલગ ઓળખ બનાવી છે. તેમણે અત્યાર સુધીના ફિલ્મી કરિયરમાં ૪૦૦થી વધારે ફિલ્મોમાં કામ કર્યું છે.



## તંત્રી લેખ......

### નેપાળ પર ભારતની નજર

કોઈ પણ રાષ્ટ્રની સમૃદ્ધિ અને સુખ માટે તેની સરહદે શાંતિ આવશ્યક છે, પણ આ મોરચે ભારત માટે અપાર ચિંતાઓ લાગેલી છે. દેશ પ્રગતિના માર્ગે અગ્રેસર છે, આપણું અર્થતંત્ર સશક્ત છે, યુવા પેઢી દેશને વિશ્વની મહાન અર્થવ્યવસ્થા બનાવવા પ્રતિબદ્ધ છે. ભારતની આંતરિક સ્થિતિ હકારાત્મક હોવા છતાં દેશ સાથે જોડાતી આંતરરાષ્ટ્રીય સરહદોની પેલે પાર અશાંતિની આગ ભભૂકતી જોવા મળે છે. ક્યાંક આતંકવાદ પ્રેરિત ખતરો છે, ક્યાંક બેરોજગારી, ગરીબી પ્રેરિત અરાજકતા છે, તો ક્યાંક રાજકીય અસ્થિરતાને લીધે અંધાધૂંધી વ્યાપેલી છે. પાકિસ્તાન, બાંગલાદેશ, શ્રીલંકા પછી અશાંતગ્રસ્ત પડોશી રાષ્ટ્રમાં નેપાળનું નામ ઉમેરાયું છે. નેપાળમાં યુવા પેઢીના નેતૃત્વમાં હિંસક જનવિદ્રોહ સાથે સરકારનું પતન થયું. વચગાળાની સરકારની રચના થયા પછી સુપ્રીમ કેર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ સુશીલા કાર્કીના વડપણ હેઠળ દેશમાં શાંતિની પુનઃસ્થાપનાનો, નેપાળને ફરી બેઠું કરવાનો પડકાર મોટો છે. નેપાળની પરિસ્થિતિ પર ભારતની ચાંપતી નજર છે. એક સમયે ભારતની નિકટ રહેતું નેપાળ ચીનના ચંચુપાત પછી ભારત સાથે સંબંધો બગાડી બેઠું છે. ભારત વિરોધી લોબી ત્યાં સક્રિય છે. અત્યારની પ્રવાહી રાજકીય પરિસ્થિતિનો ભારત વિરોધી પરિબળો ગેરફાયદો ન ઉઠાવી જાય એ પણ સુનિશ્ચિત કરવું જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાર્કીને અભિનંદન આપ્યાં અને નેપાળમાં સ્થિરતા માટે સદૈવ ભારતના સમર્થનની ખાતરી આપી છે. સદીઓથી હિન્દુ રાષ્ટ્ર તરીકે સ્થાપિત નેપાળ સામ્યવાદીઓના હાથમાં પડયા પછી બિનસાંપ્રદાયિક દેશનો દરજ્જો મળ્યો. સામ્યવાદીઓએ સિત્તેરના દાયકાથી રાજકારણમાં પગપેસારો કર્યો. મહારાજા વીરેન્દ્ર વીર વિક્રમ શાહ દેવે ૧૯૭૨થી ૨૦૦૧ સુધી - તેમનું અવસાન થયું ત્યાં સુધી શાસન કર્યું. એ વર્ષે તેમના આખા પરિવારની હત્યા નીપજાવી દેવામાં આવી અને તેમના મોટા પુત્ર દેવેન્દ્ર પર આરોપ લગાડવામાં આવ્યો. જ્ઞાનેન્દ્ર મહારાજ બન્યા, પણ તેમની લોકપ્રિયતા તળિયે રહી ગઈ અને માઓવાદીઓના નેતૃત્વમાં જનતાએ બળવો કર્યો. નેપાળ રાજાશાહી પ્રથામાંથી લોકતાંત્રિક દેશ બની ગયો. સત્તા સામ્યવાદીઓના હાથમાં ગઈ. કોમ્યુનિસ્ટ પાર્ટીના બે ટોચના નેતા પ્રચંડ અને કે.પી. શર્મા ઓલી બંને ચીનના ચીંધ્યા માર્ગે ચાલતા રહ્યા. ઓલીની ચીનપરસ્તી, કાર્યશૈલી અને સરમુખત્યાર જેવા કારભારે દેશવાસીઓને નિરાશ કર્યા. રાજકીય વિશ્લેષકોના જણાવ્યા અનુસાર ઓલી પાસે કોઈ કુશળતા કે ઉકેલ નહોતા... નાની વાતે બીજિંગ દોડી જતા ને માર્ગદર્શન મેળવતા. ચીનના ઈશારે ભારત સાતે સંઘર્ષમાં ઉતર્યા. તેમણે લિપુલેખ, કાલાપાની અને સિમ્પિયાધુરાને નેપાળનો ભાગ ઘોષિત કર્યો, એટલું જ નહીં નકશામાંય સામેલ કરી લીધો... એ પછી બંને દેશ વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. નેપાળમાં સામ્યવાદીઓની પક્કડ ઢીલી પડી ચૂકી છે.

રાજકીય અસ્થિરતાનું પ્રમાણ એ વાત પરથી મળશે કે થોડાં વર્ષમાં ૧૩વાર વડાપ્રધાન બદલ્યા, તેમાંય ખાસ તો દેઉબા, ઓલી અને પ્રચંડ વચ્ચે ખુરશીની રમત ચાલી હોય તેમ વારાફરતી પીએમ બનતા રહ્યા ને દેશ આર્થિક રીતે બરબાદ થઈ ગયો. નેપાળમાં બેરોજગારીની ગંભીર સમસ્યા છે. હિમાલયના પર્વતો વચ્ચે વસેલા દેશમાં પર્યટન સમૃદ્ધિ લાવી શકે, પણ માઓવાદીઓના ખૂનખરાબાએ વિદેશી અહીં આવવાનું ટાળી રહ્યા છે... ચોમેરથી ઘોર નિરાશાએ યુવાશક્તિને જાગૃત કરી. કાર્યવાહક વડાપ્રધાન સુશીલા કાર્કી પ્રામાણિકતાને લીધે દેશની જનતાનો વિશ્વાસ જીત્યાં છે. નેપાળમાં હજુ રાજકીય પક્ષો સક્રિય છે. દેશમાં કાયમી શાંતિ જાળવીને નવી ચૂંટણીઓ કરાવવા અને લોકશાહી સરકારની સ્થાપનાનું વચન દેશની કાર્યવાહક સરકાર કઈ રીતે નિભાવે છે એ જોવાનું રહે છે.

મહેસાણા જિલ્લાના તમામ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે દિશામાં કાર્ય કરવાની હિમાયત કરતાં રાજ્યપાલશ્રી

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સતલાસણા તાલુકાના જશપુરીયા ખાતે ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે સંવાદ કર્યો

લોકોને આરોગ્ય પ્રદ આહાર મળે તે માટે પ્રાકૃતિક કૃષિ અપનાવીએ - રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી





મહેસાણા જિલ્લાની મુલાકાતે પધારેલા રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સતલાસણા તાલુકાના જશપુરીયા ખાતે આયોજિત 'પ્રાકૃતિક કૃષિ પ્રકૃતિના શરણે પરિસંવાદ' કાર્યક્રમમાં ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ભારતમાં કૃષિ માત્ર એક વ્યવસાય નહીં, પણ સંસ્કૃતિ અને જીવનશૈલીનું અભિન્ન અંગ છે. વર્ષો સુધી આપણે પરંપરાગત ખેતી પદ્ધતિઓ અપનાવી છે, જે કોઈ પણ પ્રકારના રાસાયણીક ખાતર કે દવા વગર કરવામાં આવતી હતી. પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓમાં રાસાયણિક ખાતરો અને ઝેરી કીટનાશકોના વધતા ઉપયોગના પરિણામે જમીનની ઉપજશક્તિ ઘટી છે, પાણીના સ્ત્રોતો પ્રદૂષિત થયા છે અને માનવીના આરોગ્ય પર પણ ભયાનક અસર પડી છે. આવા સમયમાં "પ્રાકૃતિક ખેતી" એ માત્ર જ વિકલ્પ નહીં, પરંતુ આવશ્યકતા બની ગઈ છે.

આજે વિશ્વ સામે જળવાયુ પરીવર્તનની મોટી સમસ્યા પેદા થઈ છે. પર્યાવરણ પર વિપરીત પરિસ્થિતિને કારણે જીવ સૃષ્ટિ પર તેના ખરાબ પરિણામો જોવા મળ્યા છે. પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીનમાં સેન્દ્રીય કાર્બનનું પ્રમાણ વધે છે, જેના પરીણામે જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર સુધીની જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ શકે છે. નહીવત ઉત્પાદન ખર્ચ અને વધારે ભાવ મળતા ખેડૂતોને આર્થિક ફાયદો થાય છે. જેના થકી ખેડૂતો આત્મનિર્ભર બને છે.

રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી અંગે પોતાના અનુભવો જણાવતા કહ્યું હતું કે, કુરુક્ષેત્રમાં ૧૮૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી, જેમાં પ્રતિ વર્ષ પ્રાકૃતિક ખેતીનું ઉત્પાદન વધતું રહ્યું. સાથે જ પ્રાકૃતિક ખેતીના કારણે જમીનની ગુણવત્તા સુધરી છે. વધુમાં તેમણે જણાવ્યું કે, રાસાયણિક ખેતીએ જમીનને ઝેરયુક્ત બનાવી દીધી છે ત્યારે પ્રાકૃતિક કૃષિના માધ્યમથી જમીનને ઝેર મુક્ત બનાવી લોકોને આરોગ્ય પ્રદ આહાર મળે તે માટે ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવી જોઈએ.

રાજ્યપાલશ્રીએ પશુપાલન અંગે વાત કરતા કહ્યું કે, હાલના સમયે ટેકનોલોજીનો ઉપયોગ કરીને પશુપાલન કરવું જોઈએ. પોતાના ગુરુકુળમાં થતી પશુપાલન પ્રવૃત્તિઓનું ઉદાહરણ આપીને વધુ દૂધ આપતી ઓલાદોનો ઉછેર કરીને પશુપાલન કરવા ખેડૂતોને પ્રેરિત કર્યા હતા.

પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અગાઉ રાજ્યપાલશ્રીએ 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અંતર્ગત સર્વરોગ નિદાન કેમ્પ અને જશપુરીયા ગામના ખેડૂત શામજીભાઈ ચૌધરીના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધી હતી. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના પ્રાકૃતિક ખેત પેદાશોના સ્ટોલની મુલાકાત લઈ ખેડૂતો સાથે સંવાદ સાધ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી એસ.કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ હસરત જૈસમીન, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિમાંશુ સોલંકી, નિવાસી અધિક કલેક્ટર શ્રી જશવંત કે. જેગોડા, ખેતી નિયામક શ્રી કે.એસ.પટેલ, ગામના સરપંચ શ્રી રાજેન્દ્ર ચૌધરી વિવિધ અમલીકરણ અધિકારીશ્રીઓ, માસ્ટર ટ્રેનર ખેડૂતો, કૃષિ સખી બહેનો, મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ભારતીય ધ્વજ સંહિતા અને 'રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમ અંતર્ગત નાગરિકોએ રાષ્ટ્રધ્વજના સન્માન અંગે વધુ ચૂસ્ત પાલન કરવાનું રહેશે

રાષ્ટ્રધ્વજ આપણા દેશના નાગરિકોની આશાઓ તેમજ આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. દેશના નાગરિકોએ રાષ્ટ્રધ્વજને સન્માન આપવું જોઈએ. નાગરિકોએ રાષ્ટ્રધ્વજ માટે એક સાર્વભૌમિક લાગણી તથા વફાદારી રાખવી જોઈએ. રાષ્ટ્રધ્વજના પ્રદર્શન પર લાગુ થતાં કાયદાઓ, પ્રથાઓ તેમજ પરંપરાઓ અંગે પ્રજાની સાથે-સાથે કેન્દ્ર - રાજય સરકારના સંગઠનો-એજન્સીઓમાં પણ વધુ જાગૃતિ આવે તે માટે માર્ગદર્શિકા જાહેર કરીને ગૃહ મંત્રાલય દ્વારા વિશેષ અભિયાન હાથ ધરાયું છે.

આ અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમ-૧૯૭૧ તેમજ ભારતીય ધ્વજ સંહિતા-૨૦૦૨ જેમાં વર્ષ ૨૦૨૧ તથા ૨૦૨૨માં કરાયેલા સુધારા મુજબ રાષ્ટ્રીય ધ્વજના પ્રયોગ-ધ્વજારોહણ-પ્રદર્શનને નિયંત્રિત કરવામાં આવ્યા છે. ભારતીય ધ્વજ સંહિતા-૨૦૦૨ના સુધારા ગૃહ મંત્રાલયની વેબસાઈટ www.mha.gov.in પર ઉપલબ્ધ છે.

આ સુધારા અનુસાર દેશવાસીઓ દ્વારા કાગળના બનાવેલા રાષ્ટ્રીય ધ્વજને મહત્વના રાષ્ટ્રીય, સાંસ્કૃતિક તેમજ રમત-ગમતના પ્રસંગોએ હાથમાં લઈ ફરકાવી શકાય છે. દેશના નાગરિકોને જણાવવાનું છે કે, રાષ્ટ્રીય, સાંસ્કૃતિક તેમજ રમત-ગમતના પ્રસંગોએ પ્રજા દ્વારા પ્રયોગ કરાયેલ કાગળના બનેલા રાષ્ટ્રીય ધ્વજને સમારંભ પૂર્ણ થયા બાદ જાહેર જગ્યાએ અથવા જમીન પર ના ફેંકવા જોઈએ. આ પ્રકારના ધ્વજનો તેમની મર્યાદાને અનુરૂપ સન્માન સાથે એકાંતમાં નાશ કરવા યાદીમાં જણાવાયું છે.

- પ્રિન્સ ચાવલા

લોથલ પ્રોજેક્ટના કામોની પણ સમીક્ષા કરી

# વડાપ્રધાન મોદીએ ધોલેરા SIRનું હવાઈ નિરીક્ષણ કર્યું

### મોદીએ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને લોથલ ખાતે ચાલી રહેલા વિવિધ કામોની પ્રગતિ અંગેની માહિતી પણ મેળવી

(સંપૂર્ણ સમાચાર સેવા)ધોલેરા

ભાવનગરમાં રોડ શો અને રેલીને સંબોધિત કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ જિલ્લાના લોથલ જવા રવાના થયા હતા, આ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ધોલેરામાં ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક કેન્દ્ર, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન (DSIR)નું શનિવારે હવાઈ સર્વેક્ષણ કર્યું હતું. આ અંગે વડાપ્રધાન કાર્યાલય (PMO) દ્વારા વડાપ્રધાન મોદીના હવાઈ સર્વેક્ષણના વિડિયો ફૂટેજ પણ જાહેર કરવામાં આવ્યા છે.

ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન અમદાવાદથી લગભગ ૧૦૦ કિલોમીટર દક્ષિણમાં અને રાજયની રાજધાની ગાંધીનગરથી ૧૩૪ કિલોમીટર દૂર સ્થિત છે. ઔદ્યોગિકીકરણ, સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક રોકાણના આધારે વિકસાવવામાં આવી રહેલા ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક શહેર તરીકે જોવામાં આવે છે. DSIR એ નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન (NICDC) દ્વારા પશ્ચિમી સમર્પિત માલવાહક કોરિડોરના પ્રભાવ ક્ષેત્રમાં ઔદ્યોગિક ક્લસ્ટર્સ અને કેન્દ્રોનો રેખીય વિસ્તાર બનાવવાના મહત્વાકાંક્ષી પગલાનો એક ભાગ છે.લોથલમાં નિર્માણ પામી રહેલા નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ (NMHC) પ્રોજેક્ટ પ્રગતિની સમીક્ષા તેમજ અત્યાર સુધી તૈયાર થયેલા પ્રોજેક્ટનું નિરીક્ષણ કરી. વડાપ્રધાને સમગ્ર પ્રોજેક્ટની સમીક્ષા બેઠકમાં અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને લોથલ ખાતે ચાલી રહેલા વિવિધ કામોની પ્રગતિ અંગેની વિસ્તૃત માહિતી પણ મેળવી હતી. ગુજરાતની પ્રાચીન ધરોહરનું મહત્ત્વનું સ્થળ લોથલ એક મોટા પરિવર્તનનું સાક્ષી બનવા જઈ રહ્યું છે.

આ પ્રોજેક્ટને લોથલમાં બનાવવાનું મુખ્ય કારણ તેનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો છે. લોથલ સિંધુ ખીણની સંસ્કૃતિનું એક મુખ્ય વેપાર કેન્દ્ર હતું, લોથલ માત્ર એક પ્રાચીન શહેર નહોતું, પરંતુ તે વિશ્વના સૌથી જૂના માનવસર્જિત ડોકયાર્ડ (બંદર) માટે પણ જાણીતું છે. પાંચ હજાર વર્ષ પહેલાં અહીં દરિયાઈ વેપાર થતો હતો અને જહાજોનું સમારકામ પણ થતું હતું. આ સ્થળ ભારતની દરિયાઈ શક્તિ અને સમૃદ્ધિનું પ્રતીક છે. આ કૉમ્પ્લેક્સનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના સમૃદ્ધ દરિયાઈ ઈતિહાસને સાચવવાનો, તેનું સંશોધન કરવાનો અને તેને ભાવિ પેઢીઓ માટે જીવંત રાખવાનો છે. આ મ્યુઝિયમ સામાન્ય લોકોને ભારતનો ઈતિહાસ સરળતાથી સમજાવશે, જેના માટે અત્યંત આધુનિક ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ પહેલ મેરિટાઈમ હેરિટેજ ટુરિઝમને પ્રોત્સાહન આપશે અને ભારતને આ ક્ષેત્રમાં વૈશ્વિક કેન્દ્ર બનાવશે.

## અમદાવાદમાં ધોધમાર વરસાદ, રિવરફ્રન્ટ પર ભરાયા પાણી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ આજે સવારથી શહેરમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. જ્યારે આજે બપોરે ફરી શહેરમાં ધોધમાર વરસાદ પડ્યો છે. રિવરફ્રન્ટ પર ધોધમાર વરસાદથી પાણી ભરાયા છે. વરસાદ પડતાં ખેલૈયા અને ગરબા આયોજકો ચિંતામાં મૂકાયા છે. હવામાન વિભાગ તરફથી પણ અમદાવાદ શહેર સહિત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. નવરાત્રિ પહેલા અમદાવાદમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. શહેરના વિવિધ વિસ્તારમાં વરસાદ પડ્યો છે. ધોધમાર વરસાદથી રિવરફ્રન્ટ રોડ પર પાણી ભરાયા છે. જોધપુર, સેટેલાઈટ, એસ.જી હાઈવે પર પણ વરસાદ પડ્યો છે. રાજ્યમાં એક બાજુ નૈઋત્યના ચોમાસાની વિદાયની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે, ત્યારે ફરી એક વખત રાજ્યના ઘણા ખરા વિસ્તારોમાં વરસાદ ખાબક્યો છે. અમદાવાદ સહિતના ઘણા એવા વિસ્તારોમાં એક લાંબા વિરામ બાદ વરસાદ પડ્યો છે. હવામાન વિભાગની સાત દિવસની આગાહી સામે આવી છે. જેમાં આગામી ૭ દિવસ વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે જ આગામી ૩ દિવસ થન્ડર સ્ટોર્મની આગાહી છે.

## એસડીએમને માતા અને દીકરી સહિત પરિવારને હેરાન કરવું ભારે પડી ગયું

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

પીડિત પરિવારે આ એસડીએમ પર ગંભીર આરોપ લગાવ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ મધ્ય પ્રદેશના સીએમ ડો. મોહન યાદવે પોતાના એક્સ હેન્ડલ પર મુરૈનના સબલગઢ એસડીએમને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. એસડીએમ અરવિંદ માહૌ યુવતી સાથે ફોન પર ગંદી વાત કરતો હતો. સીએમએ કમિશનરને માહૌરને તાબડતોબ સસ્પેન્ડ કરવાના આદેશ આપ્યા છે. મંગળવારે મુરૈના કલેક્ટ્રેટમાં જનસુનાવણી દરમિયાન પીડિત પરિવારે કલેક્ટર અંકિત અસ્થાનાને એસડીએમની વીડિયો સહિત ફરિયાદ કરી હતી. ત્યારબાદ કલેક્ટરે તેમને હટાવી દીધા હતા. કલેક્ટર અંકિત અસ્થાનાએ જણાવ્યું કે મુખ્યમંત્રીના નિર્દેશ બાદ તેમણે એક રિપોર્ટ તૈયાર કરીને ચંબલ કમિશનરને મોકલી દીધો. આ કાર્યવાહી કમિશનર સ્તરની છે, આથી સસ્પેન્શન આદેશ ત્યાંથી જ અપાશે. સીએમએ એક્સ પર લખ્યું કે મુરૈના જિલ્લાના સબલગઢના એસડીએમ અરવિંદ માહૌર વિરુદ્ધ મહિલા સાથે અભદ્ર વ્યવહાર અને નિયમ વિરુદ્ધ પટવારિયયોની બદલી કરવાની ગંભીર ફરિયાદો ધ્યાનમાં આવ્યા બાદ એસડીએમને તત્કાળ સસ્પેન્ડ કરવાના આદેશ અપાયા છે. આ મામલે કમિશનર ચંબલને અનુશાસનાત્મક કાર્યવાહીના પણ નિર્દેશ અપાયા છે. ફરિયાદકર્તા મહિલા અને તેના પતિએ જણાવ્યું કે એસડીએમએ તેમની દીકરીનો મોબાઈલ નંબર જાણ્યો હતો. છેલ્લા એક વર્ષથી મોડી રાતે ફોન કરીને ગંદી વાતો કરતો હતો. જ્યારે તેમની પુત્રીએ ફોન ઉઠાવવાનો બંધ કરી દીધો તો સંબંધીઓને ફોન પર ધમકાવવા લાગ્યા. એસડીએમએ સબલગઢમાં મહિલાના દિયરની દુકાન પર પહોંચીને ધમકી આપી કે તારી દીકરી અને તારી ભાભીમાં ખુબ ગરમી છે, ખોટા કેસમાં ફસાવી દઈશ. મારાથી મોટો કોઈ અધિકારી નથી. ફરિયાદમાં મહિલાએ કહ્યું કે જો જલદી કાર્યવાહી ન થઈ તો પરિવાર સામૂહિક આત્મહત્યા માટે મજબૂર થઈ જશે. હવે આ હેરાનગતિ સહન થતી નથી.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

૩ લાશ નીકળતાં આખા ગામની આંખો ભીંજાઈ

## રેસક્યૂ દરમિયાન માની છાતીથી વીંટળાયેલા મળ્યા બંને બાળકો

(સંપૂર્ણ સમાચાર સેવા) ચમોલી

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના નંદનગરના કુંતરી લગા ફાલી ગામમાં બુધવારે અચાનક પૂર આવતાં ભારે તબાહી મચી હતી. આ દુર્ઘટનાના કારણે ઘણા લોકો પોતાના ઘરમાં દટાઈ ગયા હતા. તબાહી દરમિયાન એક પરિવારના જોડિયા બાળકો સાથે તેમની માતાનું આ દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. શુક્રવારે જ્યારે ત્રણેયના મૃતદેહો નીકાળવામાં આવ્યા ત્યારે જોડિયા બાળકો તેની માતાની છાતીથી વીંટળાયેલા હતા. આ દૃશ્ય જોઈ હર કોઈ પોતાના આસું રોકી ન શક્યા.

પૂર હોનારત થઈ તેમાં ચમોલીની કાંતા દેવી તેના જોડિયા બાળકો સાથે કાટમાળ નીચે દટાઈ ગયા હતા. જ્યારે બચાવ ટીમે ત્રણેયના મૃતદેહ બહાર કાઢ્યા, ત્યારે બાળકો તેમની માતાની છાતી પર વળગેલા હતા. આ દૃશ્ય જોઈને બચાવ ટીમ સહિત ઘટનાસ્થળે હાજર દરેકની આંખોમાં આંસુ આવી ગયા. આ અંગે મળતી માહિતી પ્રમાણે દસ વર્ષીય વિકાસ અને વિશાલ ધોરણ ૪ માં અભ્યાસ કરતાં હતા. બુધવારે જ્યારે આ દુર્ઘટના બની ત્યારે કાંતા દેવી અને કુંવર સિંહ તેમના જોડિયા બાળકો સાથે ઘરે હતા. અચાનક આવેલા પૂરથી તેઓ બધા અંદર ફસાઈ ગયા. બચાવ ટીમોએ ૧૬ કલાક પછી ૪૨ વર્ષીય કુંવર સિંહને કાટમાળમાંથી જીવતા બહાર કાઢ્યા. જોકે, તેમના જોડિયા બાળકો અને પત્ની કાંતા દેવી બચી ન શક્યા અને ત્રણેયના મોત થયા. નોંધનીય છે કે, ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ભારે વરસાદના પૂરથી તબાહ થયેલા ગામોમાંથી શુક્રવારે વધુ પાંચ મૃતદેહ મળી આવ્યા હતા. આ સાથે આ વિસ્તારમાં ભૂસ્ખલન અને પૂરથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને સાત પર પહોંચી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુરુવારે વધુ બે મૃતદેહ મળી આવ્યા હતા. જિલ્લાના નંદનગરમાં પહેલાથી જ ભૂસ્ખલન સામે ઝઝૂમી રહ્યું છે.

૫૦ હજારનું દેવું ન ચૂકવી શક્યા માતા-પિતા

## કોન્ટ્રાક્ટરે બાળકને ૬ વર્ષ સુધી 'બાળમજૂરી' કરાવી

### બેતુલ વહીવટીતંત્રે એક ટીમ બનાવી અને પોલીસની મદદથી ગોવિંદને કોન્ટ્રાક્ટરના કબજામાંથી મુક્ત કરાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)બેતુલ

મધ્યપ્રદેશના બેતુલમાં માતા-પિતા ૫૦ હજારનું દેવું ન ચૂકવી શકતા એક માસૂમ બાળકને ૬ વર્ષ સુધી બંધક બનાવી રાખવાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારના દંપતી ગંજુ ઉઈકે અને સરિતા ઉઈકેએ ૨૦૧૯માં હરદા જિલ્લાના ઝીરીખેડા ગામમાં મજૂરી કામ કરતી વખતે એક કોન્ટ્રાક્ટર પાસેથી ૫૦,૦૦૦ રૂપિયા ઉછીના લીધા હતા. કોન્ટ્રાક્ટર રૂપેશ શર્માએ આ દંપતી દેવું ન ચૂક્યા હોવાથી તેમના સાત વર્ષના પુત્ર ગોવિંદને બંધક બનાવી લીધો અને તેને ઢોર ચરાવવા અને ઘરકામ પર લગાવી દીધો. માતા-પિતા ઘણી વખત પોતાના દીકરાને મુક્ત કરાવવા માટે હરદા ગયા, પરંતુ કોન્ટ્રાક્ટરે તેને પરત કરવાનો ઈનકાર કરી દીધો. તાજેતરમાં જ જન સહસ સંસ્થાના સામાજિક કાર્યકર પલ્લવી ઠાકરાકરને ગ્રામજનો પાસેથી આ અમાનવીય કૃત્યની જાણ થઈ. તેમણે કલેક્ટર અને શ્રમ વિભાગને આ અંગે જાણ કરી. ત્યારબાદ, બેતુલ વહીવટીતંત્રે એક ટીમ બનાવી અને પોલીસની મદદથી ગોવિંદને મુક્ત કરાવ્યો. બચાવ ટીમ પહોંચતા જ કોન્ટ્રાક્ટરના ભાઈ મુકેશ શર્માએ બાળકને ખેતરોમાં મોકલીને છુપાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ટીમે તેને સુરક્ષિત રીતે બચાવી લીધો. કાર્યવાહી દરમિયાન વિવાદ પણ થયો, પરંતુ આખરે બાળકને મુક્ત કરવામાં આવ્યો. હરદા પોલીસે કોન્ટ્રાક્ટર રૂપેશ શર્મા વિરુદ્ધ બાળ મજૂરી અધિનિયમ અને કિશોર ન્યાય અધિનિયમની ગંભીર કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

હવે, ગોવિંદને તેના માતા-પિતાને સોંપવામાં સૌથી મોટો અવરોધ ઓળખ દસ્તાવેજોનો અભાવ છે. ગંજુ અને સરિતા પાસે તેમના પુત્રનું જન્મ પ્રમાણપત્ર પણ નથી. જિલ્લા વહીવટીતંત્રે દસ્તાવેજો મેળવવાની પ્રક્રિયા શરુ કરી દીધી છે. હાલમાં ગોવિંદને છિંદવાડા બાળ ગૃહમાં મોકલી દેવામાં આવ્યો છે.

માતા સરિતાએ કહ્યું કે, 'મારા દીકરાને છોડીને આવવું એ મારા જીવનનું સૌથી મોટું દુઃખ છે. મને આશા હતી કે, રેસ્ક્યુ પછી ગોવિંદ મારી પાસે પાછો આવી જશે, પરંતુ દસ્તાવેજોના અભાવે તેને બાળ ગૃહમાં મોકલી દેવામાં આવ્યો છે.'

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# વિક્લી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૭૧, ચાંદીના વાયદામાં રૂ.૧૯૪ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૮નો સાપ્તાહિક ધોરણે સુધારો

## સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૭૬૯૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૪૬૩૩૧૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૧૬૬૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૫૪૯૮ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૧૨થી ૧૮ સપ્ટેમ્બરના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૭૦૧૦૨૫.૩૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૭૬૯૫.૮૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૪૬૩૩૧૮.૯૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૪૯૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ સાપ્તાહિક પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૪૭૩૨.૫૭ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૧૬૬૭.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૩૫૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૦૬૬૬ અને નીચામાં રૂ.૧૦૮૬૯૦ના મથાળે અથડાઈ, રૂ.૧૦૮૯૮૧ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૭૧ વધી રૂ.૧૦૯૦૫૨ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૨૪૪ વધી રૂ.૮૭૬૩૭ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૯ વધી રૂ.૧૦૯૬૮ના ભાવે સપ્તાહના અંતે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૧ વધી સપ્તાહના અંતે રૂ.૧૦૮૯૫૧ થયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૪૭૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૦૮૭૦ અને નીચામાં રૂ.૧૦૮૮૬૫ના મથાળે અથડાઈ, રૂ.૧૦૯૦૯૭ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૫૯ વધી રૂ.૧૦૯૨૫૬ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૨૭૫૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૦૪૫૦ અને નીચામાં રૂ.૧૨૫૩૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૬૯૩૮ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૯૪ વધી રૂ.૧૨૭૧૩૨ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૩૬૭ વધી રૂ.૧૨૭૧૧૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૩૭૨ વધી સપ્તાહના અંતે રૂ.૧૨૭૧૦૬ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૧૩૧૨૮.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું સપ્ટેમ્બર વાયદો રૂ.૯.૯૫ ઘટી રૂ.૯૦૩.૦૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત સપ્ટેમ્બર વાયદો ૬૫ પૈસા ઘટી રૂ.૨૭૮.૪૫ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૮૦ પૈસા ઘટી રૂ.૨૫૯.૨૫ના ભાવે બોલાયો હતો. સીસું સપ્ટેમ્બર વાયદો રૂ.૧ વધી રૂ.૧૮૩.૦૫ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૪૨૮૨૮.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૩૮૮૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૯૨૯ અને નીચામાં રૂ.૩૮૦૦ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૮૭ ઘટી રૂ.૩૮૨૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૪૮૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૬૮૬ અને નીચામાં રૂ.૫૪૫૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૨૫ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૫૮ વધી રૂ.૫૫૮૩ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો સપ્તાહના અંતે રૂ.૫૮ વધી રૂ.૫૫૮૭ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના અંતે એમએમબીટીયુદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૨૫૯ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૭ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૫૯.૧ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૭૪.૪ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૭.૨ વધી રૂ.૯૯૧.૫ થયો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૫૬૭ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬૧ વધી રૂ.૨૬૫૧ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૦૨૦૬૯.૧૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૭૯૫૯૮.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૮૫૨૯.૦૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૫૭૩.૬૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૭૧.૭૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૭૪૪.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૪૫.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૫૬૯.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૩૨૧૧૩.૩૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૬૫.૯૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૫.૫૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૧૨૫૮૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૨૯૯૨૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૫૮૭૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૭૦૦૬૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૯૮૮૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૮૨૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૮૫૨૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૩૪૬૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૨૨૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૦૯૬૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭૬૩૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૨૫૫૬૦ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૨૬૦૮૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૫૧૫૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૨૯ પોઈન્ટ વધી ૨૫૪૯૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

# વડોદરા ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા 'સ્વચ્છતા એ જ સેવા' અભિયાન હેઠળ વૉલીબૉલ લીગનું સફળ આયોજન





"સ્વચ્છતા એ જ સેવા" (SHS) ૨૦૨૫ સમગ્ર દેશમાં ૧૭ સપ્ટેમ્બરથી આરંભ થયો, જે ૨ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ ગાંધી જયંતીના અવસર પર સમાપ્ત થશે. આ વર્ષના અભિયાનની થીમ "સ્વચ્છોત્સવ" રાખવામાં આવી છે. આ અભિયાનમાં કામના સ્થળો, નિવાસી ક્ષેત્રો અને સાર્વજનિક સ્થળોની સફાઈ, સફાઈ મિત્રોના સ્વાસ્થ્ય અને સુરક્ષા, પર્યાવરણ મિત્ર અને શૂન્ય કચરો કાર્યક્રમ અને સ્વચ્છતા પ્રત્યે વ્યાપક જન જાગૃતિ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ જ ક્રમમાં પ્રતિભાઓને મંચ આપવા અને રમતગતમને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતાં, વડોદરા સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા આજે એક ભવ્ય વૉલીબૉલ લીગનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ એક દિવસની રોમાંચક ટૂર્નામેન્ટમાં મંડળના કર્મચારીઓ અને ખેલાડીઓમાં જબરજસ્ત ઉત્સાહ પૂર્યો. આ અવસર પર વડોદરા મંડળના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રાજૂ ભડકે, અપર ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી નીરજ ધમીજા, સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પાવર) શ્રી પ્રદીપ મીણા, સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સંકલન) શ્રી સુમિત ઠાકુર સહિત અન્ય સિનિયર અધિકારી અને રેલવે કર્મચારી ઉપસ્થિત રહ્યા. સવારથી શરૂ થયેલા આ ટૂર્નામેન્ટમાં મંડળના વિવિધ વિભાગની ૧૨ ટીમોએ ભાગ લીધો. લીગ-કમ-નૉકઆઉટ સ્વરૂપમાં રમવામાં આવેલી મેચોમાં ખેલાડીઓએ પોતાની અસાધારણ પ્રતિભા અને રમત ભાવનાનો પરિચય આપ્યો. દરેક મેચમાં કઠીન સ્પર્ધા જોવા મળી, જેનાથી દર્શકોનો ઉત્સાહ સતત વધતો રહ્યો. ફાઈનલ મુકાબલો વિશેષરૂપે રોમાંચક રહ્યો, જ્યાં અધિકારીઓની ટીમે એન્જિનિયરીંગ વિભાગની ટીમને ૨-૦ ના સ્કોરથી હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું. આ સફળ આયોજન પર વડોદરા ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિએશનના અધ્યક્ષ શ્રી પ્રદીપ મીણાએ જણાવ્યું, "અમે આ ભવ્ય વૉલીબૉલ લીગની સફળતાથી અત્યંત ખુશ છીએ. અમારો ઉદ્દેશ યુવા ખેલાડીઓને એક મંચની જોગવાઈ કરાવવાનો છે અને તેમને પોતાની પ્રતિભા ઝળકાવવા માટે પ્રેરિત કરવાનો છે. અમને આશા છે કે આ પ્રકારના અયોજન ભવિષ્યમાં પણ થતા રહેશે."

લીગના અંતમાં એક ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું. વિજેતા ટીમને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવી, ઉપવિજેતા ટીમને પણ ટ્રોફી આપવામાં આવી. એસોસિએશને આ આયોજનને સફળ બનાવવા માટે તમામ અધિકારીઓ અને સહભાગીઓનો આભાર વ્યક્ત કર્યો.

# યૂટીએસ એપ તથા એટીવીએમથી ટિકિટ લેવી થઈ વધુ સરળઃ હવે અનરિઝર્વ્ડ ટિકિટ માટે લાઈનમાં ઊભા રહેવાની જરૂર નહીં

યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખતાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં અનરિઝર્વ્ડ ટિકિટ બુકિંગની પ્રક્રિયાને વધુ સરળ અને સુગમ બનાવી દેવામાં આવી છે.

હવે યાત્રીઓને જનરલ ટિકિટ (અનરિઝર્વ્ડ ટિકિટ) લેવા માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવાની કોઈ જરૂર નથી.

રેલવેએ યાત્રીઓને બે સુવિધા આપી છે – યૂટીએસ મોબાઈલ એપ (UTS App) અને ઑટોમેટિક ટિકિટ વિતરણ મશીન (ATVM). આ બંને માધ્યમોથી યાત્રી પોતે ટિકિટ બુક કરી શકે છે, જેનાથી સમય અને ધન બંનેની બચત થાય છે.

યૂટીએસ એપ (UTS APP) ની વિશેષતાઓઃ

યાત્રી પોતાના મોબાઈલ ફોનથી ઘેર બેઠા જ ટિકિટ બુક કરી શકે છે.

યાત્રા ટિકિટ, સીઝન ટિકિટ તથા પ્લેટફોર્મ ટિકિટની સુવિધા ઉપલબ્ધ.

ચુકવણી માટે UPI, ડેબિટ/ક્રેડિટ તથા R-Walletનો વિકલ્પ ઉપલબ્ધ.

R-Wallet રિચાર્જ પર ૩% બોનસ રકમ મેળવો.

ટિકિટ બારી પર લાઈનમાં ઊભા રહેવાની જરૂર નહીં.

સમય અને પૈસાની બચત.

છુટ્ટા પૈસાની સમસ્યા નહીં.

પેપરલેસ ટિકિટની સુવિધા, જે પર્યાવરણને અનુકૂળ છે.

● એટીવીએમ (ATVM) ની વિશેષતાઓઃ

યાત્રી સ્ટેશન પર આવેલા છ્ફર મશીનથી પોતે ટિકિટ બુક કરી શકે છે.

યાત્રા ટિકિટ, સીઝન ટિકિટ તથા પ્લેટફોર્મ ટિકિટની સુવિધા ઉપલબ્ધ.

ચુકવણી માટે UPI QR કોડ તથા રેલવે સ્માર્ટ કાર્ડની સુવિધા.

રેલવે સ્માર્ટ કાર્ડ રિચાર્જ પર ૩% બોનસ રકમ મેળવો.

ટિકિટ બારીની લાંબી લાઈનોથી મુક્તિ.

સમય અને પૈસા બંનેની બચત.

છુટ્ટા પૈસાની સમસ્યા નહીં.

પશ્ચિમ રેલવે યાત્રીઓને અનુરોધ કરે છે કે તેઓ આ આધુનિક સુવિધાઓનો લાભ ઉઠાવે અને પોતાની યાત્રાને સરળ અને સુવિધાજનક બનાવે. યૂટીએસ એપ અને એટીવીએમ મારફતે બુકિંગ કરીને યાત્રી ફક્ત પોતાનો સમય જ નથી બચાવી શકતા, પરંતુ ડિજિટલ ઈન્ડિયા અભિયાનમાં સહભાગી પણ બની શકે છે.

# ભાવનગર મંડળના વેરાવળ પોસ્ટના રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)એ મુસાફરને રૂ.૨.૬૯ લાખ કિંમતનો સામાન પરત આપ્યો

પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળના કર્મચારીઓ હંમેશાં મુસાફરોની સુરક્ષા તથા સુવિધાને પ્રાથમિકતા આપીને દરેક શક્ય મદદ માટે તત્પર રહે છે. આ જ શ્રેણીમાં રેલવે સુરક્ષા બળ (RPF) વેરાવળ પોસ્ટના જવાનો ઈમાનદારી અને સતર્કતાનું પ્રદર્શન કરતા એક મુસાફરનો કિંમતી પીઠથેલો સુરક્ષિત પરત આપ્યો, જેની અંદાજીત કિંમત લગભગ રૂ. ૨,૬૯,૦૦૦/- હતી.



વરીષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ (બુધવાર) ના રોજ એએસઆઈ શ્રી વિકાસ યાદવને તેમના સ્ટાફ સાથે પેટ્રોલિંગ દરમિયાન વેરાવળ સ્ટેશનના બુકિંગ ઓફિસ સામે એક કાળો લાવારિસ પીઠથેલો મળ્યો. આજુબાજુના મુસાફરોને પૂછપરછ કરતાં કોઈ માહિતી મળી ન આવતાં પંચોની હાજરીમાં થેલો તપાસવામાં આવ્યો, જેમાંથી એક મોબાઈલ નંબર મળ્યો. તે નંબર પર સંપર્ક કરતાં જાણવા મળ્યું કે આ પીઠથેલો મુસાફર શ્રી કમલેશનો છે, જે ટ્રેન ક્રમાંક ૧૯૧૧૯ સવારી ગાડી દ્વારા રાજકોટથી વેરાવળ જઈ રહ્યા હતા અને અજાણતાં સ્ટેશન પર થેલો રહી ગયો હતો. ત્યારબાદ આરપીએફ દ્વારા મુસાફર સાથે સંપર્ક કરી માહિતી આપવામાં આવી અને તેમના વેરાવળ પોસ્ટ પર પહોંચતા સામાનની ઓળખ કરાવી થેલો તેમને સુરક્ષિત સોંપી દેવામાં આવ્યો. થેલામાં એપલ કંપનીનો આઈપેડ, ડેલ કંપનીનો લેપટોપ, એપલની ડિજિટલ ઘડિયાળ, એરપોડ્સ, રેડમી કંપનીનો મોબાઈલ, એપલનો પાવર બેંક, હાર્ડ ડિસ્ક, આર્માનીનો ચશ્મો, ચાર્જર તથા દસ્તાવેજ ફાઈલ સહિતનો સામાન મળ્યો. મુસાફરે આ વસ્તુઓની કુલ કિંમત અંદાજે રૂ. ૨,૬૯,૦૦૦/- હોવાનું જણાવ્યું. મુસાફરે પોતાનો કિંમતી સામાન સુરક્ષિત રીતે પરત મળતાં રેલવે સુરક્ષા દળ-વેરાવળ અને રેલવે પ્રશાસન પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ આ પ્રશંસનીય કામગીરી બદલ આરપીએફના કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા અને પ્રોત્સાહિત કર્યા.

# અરવલ્લી કલેકટરે જીએસઆરડીસી ઈજનેરને ફટકારી નોટીસઃ ૭ દિવસમાં સમારકામનો આદેશ

## મોડાસા શામળાજી હાઈવેના ખરાબ રસ્તા ને કારણે કલેકટરની કડક કાર્યવાહીઃ જીએસઆરડીસી ના ઈજનેરને નોટીસ ફટકારાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

મોડાસા શામળાજી હાઈવેની ખખડધજ હાલત અને સ્થાનિકોની સતત ફરીયાદો બાદ અરવલ્લી જિલ્લા કલેકટરે કડક પગલા લીધા છે. કલેકટરે ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જીએસઆરડીસી) ના કાર્યાપાલક ઈજનેરને કારણદર્શક નોટીસ ફટકારી છે અને ખરાબ થયેલા રોડ નુ ૭ દિવસમાં સમારકામ કરવાનો આદેશ આપ્યો છે. આ હાઈવેની બાજુમાં આવેલી શાળાઓ, હોસ્પીટલો અને રહેણાંક વિસ્તારોમાં ધુળના ગોટેગોટાને કારણે સ્થાનિકોમાં રોષ હતો જેના પગલે આ કાર્યવાહી કરવામાં આવી છે.



અરવલ્લી જિલ્લા કલેકટરે જીએસઆરડીસીના કાર્યપાલક ઈજનેરને ફટકારેલી નોટીસમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યુ છે કે મોડાસા શામળાજી હાઈવેની ખસતા હાલતને કારણે સ્થાનિકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ હાઈવે પરના ખાડાઓ અને ધુળના ગોટેગોટાએ વાહન ચાલકો અને રાહદારીઓ માટે જોખમ ઉભુ કર્યુ છે. ખાસ કરીને હાઈવેની બાજુમાં આવેલી શાળાઓમાં બાળકોને શ્વાસની બિમારીની સમસ્યાઓ અને હોસ્પીટલોમાં દર્દીઓને અગવડનો સામનો કરવો પડી રહ્યો છે. જીએસઆરડીસીએ આ હાઈવેના ખરાબ થયેલા ભાગોનુ ૭ દિવસમાં સમાર કામ કરવુ પડશે. નોટીસમાં ચેતવણી આપવામાં આવી છે કે જો યોગ્ય ખુલાસો નહી આપવામાં આવે અથવા સમારકામ નહી થાય તો સંબંધીત અધિકારી સામે ફોજદારી ગુન્હો દાખલ કરવામાં આવશે.

# ફરીયાદ નોંધાવવા ગોપાલ ઈટાલીયાના ચલાલા પોલીસ સ્ટેશનમાં ધામા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ચલાલા ના ચરખા ગામે વાડીમાં જીવતો વીજ વાયર પડેલો હોવાથી વાડી માલીકે આ વીજ વાયરને દુર ખસેડી લેવા માટે વીજ તંત્રને રજુઆત કરી હતી. જો કે વીજ તંત્રએ આ રજુઆતને ગંભીરતાથી ન લેતા પરીવારના મોભી ને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ચલાલાના ચરખા ગામે વાડીમાં વીજ વાયર પડેલો હોવાથી આ અંગે પીજીવીસીએલને જાણ કરવામાં આવી હતી. જો કે વીજ



તંત્રએ આ ઘટનાને ગંભીરતાથી લીધી ન હતી જેના કારણે દેવચંદભાઈ ગોવિંદભાઈ પોલારા (ઉ.વ.૬૬) જીવતા વીજ વાયરને અડી જતા મોતને ભેટયા હતા. આ ઘટનાની જાણ થતા સાંજના સમયે ગોપાલ ઈટાલીયા સહિતના આગેવાનો મૃતક દેવચંદભાઈ ગોવિંદભાઈ પોલારાના પરીવારને સાંત્વના આપવા માટે ગયા હતા. ત્યારે પરીવારજનોએ વૃધ્ધ નુ મોત પીજીવીસીએલની બેદરકારીને કારણે થયુ હોવાનુ જણાવ્યુ હતું. પીજીવીસીએલ દ્વારા બેદરકારી દાખવવા બદલ પોલીસ ફરીયાદ નોંધવા માટે ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ચલાલા પોલીસ સ્ટેશનમાં ધામા નાખ્યા હતા.

ગોપાલ ઈટાલીયાની સાથે આમ આદમી પાર્ટીના કાંતીભાઈ સતાસીયા સહિતના કાર્યકરો અને લોકોના ટોળા પોલીસ સ્ટેશને પહોચી ગયા હતા. આ ઘટના બન્યા બાદ ગોપાલ ઈટાલીયાએ વીજ અધિકારીઓને પુરાવાનો નાશ કરવા બદલ આડેહાથ લીધા હતા. જો કે વીજ તંત્રએ આ ઘટના બાદ પુરાવાનો નાશ કરવા વીજ વાયર બદલી નાખવામાં આવ્યો હતો. આ લખાય છે ત્યાં સુધીમાં હજુ પોલીસે ફરીયાદ ન નોંધી હોવાનો જાણવા મળી રહ્યુ છે.

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ બનાસકાંઠાના મુક્તેશ્વર જળાશયની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું





રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજરોજ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા ખાતે આવેલ મુક્તેશ્વર ડેમની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જળાશયનું નિરીક્ષણ કરી તેની હાલની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. તેમણે અધિકારીશ્રીઓ પાસેથી પાણીની ઉપલબ્ધતા, સિંચાઈ તથા પીવાના પાણી માટેના ઉપયોગ વિશે વિગતવાર માહિતી મેળવી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મુક્તેશ્વર જળાશય એ વડગામ તાલુકાની સૌથી મોટી જળાશય યોજના છે. આ જળાશય યોજના થકી બનાસકાંઠા અને મહેસાણા તાલુકાના ૩૧ થી વધુ ગામોને સિંચાઈનો લાભ આપવામાં આવે છે. સરસ્વતી નદી પર આવેલું આ જળાશય ચાલુ વર્ષે સાર્વત્રિક વરસાદ નોંધાતા સંપૂર્ણ વરસાદી પાણીથી ભરાયું છે.આ પ્રસંગે પાલનપુર ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુમ્બે, મહેસાણાના જિલ્લા કલેકટરશ્રી એસ. કે. પ્રજાપતિ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિમાંશુ સોલંકી, નિવાસી અધિક કલેક્ટરશ્રી જશવંત કે. જેગોડા સહિત ડેમના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ફૂડ સ્ટોલધારકોને આ નિયમો પાળવા ફરજિયાત

# અમદાવાદમાં નવરાત્રીને લઈને એએમસીની ગાઈડલાઈન જારી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

નવરાત્રિનો પાવન પર્વ આગામી ૨૨ સપ્ટેમ્બર શરૂ થઈ રહ્યો છે. નવરાત્રિના નવ દિવસ દરમિયાન અમદાવાદ સહિતના મોટા શહેરોમાં વિવિધ પાર્ટી પ્લોટ, સોસાયટીઓમાં ગરબાનું આયોજન કરવામાં આવે છે, ત્યારે નવરાત્રિમાં પાર્ટી પ્લોટમાં ફૂડના સ્ટોલ માટે AMCએ નવા નિયમો જાહેર કર્યા છે. જેમાં સ્ટોલ રાખનારે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ ફરજિયાત લાયસન્સ મેળવવાનું રહેશે. આ સાથે ફૂડ સ્ટોલ ધારકોએ કેટલાક નીતિ નિયમોનું પાલન કરવાનું રહેશે. નવરાત્રિમાં વિવિધ પાર્ટી પ્લોટમાં ફૂડ સ્ટોલ ધારકોએ foscos.fssai.gov.in ની વેબસાઈટ પર જરૂરી ડોક્યુમેન્ટ સાથે રજિસ્ટ્રેશન કરીને સ્ટોલ માટે લાયસન્સ મેળવવાનું રહેશે. જેમાં ફૂડ સ્ટોલમાં કર્મીઓએ કેપ, હેન્ડગ્લોવ્સ, એપ્રન ફરજિયાત રાખવાનું રહેશે. આમ ફૂડે સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ મુજબ, સ્ટોલ માટે લાયસન્સ લીધા વગર ચીજવસ્તુનું વેચાણ કરનારા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અમદાવાદ પોલીસ કમિશનરે નવરાત્રિમાં ૧૨ વાગ્યા સુધી ગરબા રમવાની મંજૂરીને લઈને માહિતી આપી છે. પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, 'આગામી સમયમાં નવરાત્રિના તહેવાર દરમિયાન બંદોબસ્તના આયોજન અને SHE Teamની કામગીરી અંગે સૂચના આપવામાં આવી છે.


અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

(બ્રીજ પ્રોજેકટ ડીપાર્ટમેન્ટ)

શોર્ટ ઈ-ટેન્ડર નોટીસ :૨૦૨૫-૨૬

| Sr. No. | Name of Work | Estimated Tender Cost |
| --- | --- | --- |
| ૧ | અમદાવાદ શહેરની હદ વિસ્તારમાં સાબરમતી નદીની પશ્ચિમ તરફે આવેલ જુદા જુદા બ્રીજો નીચે પીલર પર મ્યુરલ ડીઝાઈન કરવાનુ કામ. | રૂા. ૨૪,૭૦,૬૭૩.૪૦ (જી.એસ.ટી.વગર) |

વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની તારીખ :- ૨૨/૦૯/૨૦૨૫.

ટેકનીકલ બીડ ખોલવાનીઃ- ૦૩/૧૦/૨૦૨૫

DETAILS & TENDERS AVAILABLE ON: www.tender.nprocure.com

Dy. Municipal Commissioner

(Road/Bridge project)

# મૂવીવર્સ સ્ટુડિયો અને જોજો સ્ટુડિયોએ તેમની પ્રથમ ગુજરાતી ફિલ્મ - ફેમિલી એન્ટરટેનરની જાહેરાત કરી

**IN10** મીડિયા નેટવર્કની મુખ્ય ધારાની કન્ટેન્ટ શાખા, મૂવીવર્સ સ્ટુડિયો અને વિશ્વના સૌથી ઝડપથી વિકસતા ગુજરાતી **OTT** પ્લેટફોર્મ, **JOJO** એપના નવા લોન્ચ થયેલા ફિલ્મ વિભાગ, **JOJO** સ્ટુડિયોએ તેમની ઘણી બધી ગુજરાતી ફિલ્મોમાંથી પ્રથમની જાહેરાત કરવા માટે ભેગા થયા, જે એક સ્વસ્થ પારિવારિક મનોરંજન છે. આ સહયોગ બેવડી સીમાચિહ્નરૂપ છેઃ ગુજરાતી સિનેમામાં મૂવીવર્સનો પ્રવેશ અને જોજો સ્ટુડિયોનો ફિલ્મોમાં પ્રથમ પ્રવેશ. આ નવરાત્રિમાં શૂટિંગ શરૂ થશે. છેલ્લા દાયકામાં ગુજરાતી સિનેમા પ્રભાવશાળી વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે, જે મજબૂત વાર્તા કહેવાના કારણે છે, જે હવે માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ પડોશી રાજ્યોમાં પણ બોક્સ ઓફિસ પર નોંધપાત્ર કમાણી કરી રહ્યું છે જે મુખ્ય પ્રવાહના રોકાણોને આકર્ષિત કરી રહ્યું છે.

આ ગતિને ઓળખીને, મૂવીવર્સ સ્ટુડિયો અને જોજો સ્ટુડિયો એક સ્વસ્થ કૌટુંબિક મનોરંજન ફિલ્મમાં રોકાણ કરી રહ્યા છે જે સમગ્ર ગુજરાતી જનતાને આકર્ષિત કરવા માટે રચાયેલ છે. આ ફિલ્મમાં રૌનક કામદાર, મિત્ર ગઢવી અને શ્રદ્ધા ડાંગર છે અને કિલોલ પરમાર દ્વારા દિગ્દર્શિત છે. આ ફિલ્મ રમૂજ, ભાવના અને સાંસ્કૃતિક સમન્વયને જોડવાનું વચન આપે છે જેણે ગુજરાતી સિનેમાની વ્યાપારી સફળતાને સતત



આગળ ધપાવી છે.

**IN10** મીડિયા નેટવર્કના મેનેજિંગ ડિરેક્ટર આદિત્ય પિટ્ટીઃ "પ્રાદેશિક સિનેમા ભારતીય મનોરંજન માટે વિકાસની સીમા છે, અને ગુજરાતી ફિલ્મો રાજ્યની સરહદોની બહાર પણ પડઘો પાડતી સામગ્રી સાથે આ લહેરનું નેતૃત્વ કરી રહી છે. અમારું માનવું છે કે પ્રાદેશિક સિનેમા સાથે જોડાણ કરવાથી અમને માત્ર ગતિ મેળવવામાં મદદ મળે છે, પરંતુ વફાદાર અને વિસ્તરતા પ્રેક્ષકો સાથે બજારોમાં પ્રવેશ કરીને અમારા પોર્ટફોલિયોને પણ મજબૂત બનાવવામાં મદદ મળે છે.

# સુખ શાંતિ સમૃદ્ધિ વિશ્ર્વ વિધાપીઠ દ્વારા રાયપુરના હિંમતભાઈ ચિતલિયાને સેવા મૂર્તિ એવૉર્ડ

મુંબઈઃ સુખ શાંતિ સમૃદ્ધિ વિશ્ર્વ વિદ્યાપીઠનો પ્રતિષ્ઠિત 'સેવા મૂર્તિ સન્માન' એવૉર્ડ પૃષ્ટિ સંપ્રદાયમાં આદરણીય નામ ધરાવતા રાયપુરવાસી સામાજિક કાર્યકર અને ૯૧ વર્ષીય શ્રી હિંમતભાઈ ચિતલિયાને તાજેતરમાં અર્પણ કરવામાં આવ્યો.

આ પુરસ્કાર મુંબઈમાં સુખ શાંતિ સમૃદ્ધિ વિશ્ર્વ વિદ્યાપીઠ મહાનુભાવ સમિતિ દ્વારા ગુજરાતના જાણીતા સંત યતિ શ્રી બ્રહ્મદેવજી મહારાજ (શ્રી ગુરુદત્ત મઠ, કુવાડવા, રાજકોટ)ના હસ્તે આપવામાં આવ્યો હતો.



પૃષ્ટિ સાહિત્ય સેવા અને સમાજ સેવા ક્ષેત્રમાં ૯૧ વર્ષની ઉંમરે પણ યોગદાન આપી રહેલા રાયપુરના શ્રી હિંમતભાઈ ચિતલિયાજીને હાલ મુંબઈમાં સુખ શાંતિ સમૃદ્ધિ વિશ્ર્વ વિધાપીઠ દ્વારા 'સેવા મૂર્તિ' એવૉર્ડ રાજકોટ કુવાડવાના શ્રી ગુરુદત્ત મઠના સંસ્થાપક સંત યતિ બ્રહ્મદેવજી મહારાજના હસ્તે આપવામાં આવ્યો એ વેળાની તસવીરમાં ગુરુદેવની સુપુત્રી શ્રી બાલામ્બા દેવી તથા વિદ્યાપીઠના કાર્યકારી સચિવ આકાશ સોમપુરા.

છેલ્લાં થોડાં સપ્તાહ દરમિયાન મલાડ ખાતે પોતાના પુત્રના નિવાસસ્થાને આવેલા વૈષ્ણવ સાહિત્યકાર શ્રી હિંમતભાઈ ચિતલિયાએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે યુવાનીના આરંભથી સેવા શરૂ કરી અને ત્યાર બાદ રોટરી ક્લબ સહિત વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા જીવનભર સમાજ સેવામાં યોગદાન આપ્યું.

તેમણે ચંપારણમાં વલ્લભાચાર્ય મહાપ્રભુજીની બેઠક ખાતે એક આશ્રમમાં ભગવાનની સેવા કરવાનું ચાલુ રાખ્યું અને ચંપારણમાં વલ્લભનિધિ કદમ આશ્રમના નવીનીકરણમાં મહત્ત્વપૂર્ણ નાણાકીય યોગદાન આપ્યા બાદ નિવૃત્તિ દરમિયાન ૧૫ વર્ષ સુધી ત્યાં રહી યાત્રાળુઓ માટે વિવિધ વ્યવસ્થાનું આયોજન કરવામાં કપરી મહેનત સાથે સહભાગી બન્યા. પોતાના સમગ્ર જીવન દરમિયાન તેમણે પુષ્ટિમાર્ગ સાહિત્યની ઘણી ઉત્કૃષ્ટ કૃતિઓનું સર્જન કર્યું છે અને કરી રહ્યા છે. તેમનું દુર્લભ વ્યક્તિત્વ પંચામૃતની જેમ સાદગી, નમ્રતા, નિઃસ્વાર્થ સેવા, સમર્પણ અને પ્રેમનો અનોખો સંગમ છે.

# ગાંધીનગરમાં ઠાકોર સમાજનુ વ્યસનમુકિત અને સામાજિક સુધારાનુ અભિયાન શરૂ : દારૂ પીનારા કે વેચનારને દંડ અને કરાશે બહિષ્કાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતના ઠાકોર સમાજે એક ક્રાંતિકારી અને પ્રશંસનીય પહેલ કરી છે, સમાજમાં ફેલાયેલા વ્યસનો અને સામાજિક કુરીવાજોને નાબુદ કરવા માટે ઠાકોર સેના દ્વારા એક મહત્વપુર્ણ અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે.

આ અંતર્ગત દારૂના વેચાણ અને સેવન પર કડક પ્રતિબંધ મુકવાનો નિર્ણય લેવાયો છે, જો કોઈ વ્યકિત દારૂ પીતા કે વેચતા પકડાશે તો તેને રૂપીયા ૧૧ હજારનો દંડ કરવામાં આવશે અને તેને સમાજમાંથી બાકાત પણ કરવામાં આવશે, ગાંધીનગર ખાતે સમસ્ત ઠાકોર સેનાની એક મોટી



બેઠક મળી હતી જેમાં પ્રમુખ અલ્પેશ ઠાકોર સહિત રાજયભરમાંથી ૫૦૦ થી વધુ આગેવાનોએ ભાગ લીધો હતો. આ બેઠકમાં માત્ર વ્યસન મુકિત જ નહી પરંતુ સમાજના સર્વાંગી વિકાસ માટે અનેક મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ ચર્ચાઓમાં ખાસ કરીને મહિલા સ્વરોજગારી, દિકરીઓના શિક્ષણનુ સ્તર સુધારવા, વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સહાય કરવી અને સમુહ લગ્નોનુ આયોજન કરવા પર ધ્યાને કેન્દ્રીત કરવામાં આવ્યુ હતું. ઠાકોર સમાજ દ્વારા વર્ષ માં બે વાર સમુહ લગ્નનુ આયોજન કરવામાં આવે છે, ચાલુ વરસે જાન્યુઆરી મહિનામાં માત્ર રૂપીયા ૧ ની ટોકની ફી લઈને ૨૧ દિકરીઓના કન્યાદાનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જે સમાજના આર્થિક રીતે નબળા પરીવારો માટે મોટી રાહત રૂપ બનશે. અમદાવાદ જિલ્લા ઠાકોર સમાજના પ્રમુખ અનીલજી ઠાકોરે કહ્યુ હતુ કે સમાજના યુવાનોમાં વધતા વ્યસનોને રોકવા માટે આ નિર્ણય લેવાયો છે, સમાજના અગ્રણીઓ ફંડ એકત્રીત કરશે અને જરૂરીયાતમંદ પરીવારોને રૂપીયા ૨૧ હજારની આર્થિક સહાય પુરી પાડશે, આ ઉપરાંત કોઈ યુવાનને પોતાનો વ્યવસાય શરૂ કરવો હોય તો સમાજ તેને મદદ કરવા તૈયાર રહેશે. આ બેઠકમાં લગ્ન અને અન્ય પ્રસંગોએ થતી પહેરામણી પ્રથાને પણ નાબુદ કરવાનો નિર્ણય લેવાયો છે. હવેથી રૂપીયા ૧૧૦૦ કે રૂપીયા ૨૧૦૦ ના બદલે માત્ર રૂપીયા ૧૧ ની પહેરામણી લેવાની અપીલ કરવામાં આવી છે. જેથી આર્થિક બોજ ઓછો થઈ શકે, આ પહેલ સમાજને આધુનિક અને પ્રગતિશીલ બનાવવા તરફનુ એક મહત્વનુ પગલુ છે.

# અરવલ્લી જિલ્લામાં વરસાદી માહોલ : મુરઝાતા પાકોને નવી જાન મળતા ધરતીપુત્રોમાં આનંદ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો.

છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમી અને બફારા બાદ આજે શનિવારે વિજળીના કડાકા અને ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.



માલપુરના સજજનપુરા ધીરાખાંટના મુવાડા, ગલીયાદાંતી સહિતના ગામડાઓમાં ભારે પવન સાથે વરસાદ પડયો હતો. આ વરસાદ ખેડુતો માટે કાચુ સોનુ સાબિત થયો છે. છેલ્લા કેટલાક સમયથી વરસાદ ખેંચાતા મગફળી, સોયાબીન, મકાઈ અને અન્ય પાકો મુરઝાઈ રહ્યા હતા.ખેડુતો આકાશ તરફ મીટ માંડીને વરસાદની રાહ જોઈ રહ્યા હતા. આ અણધાર્યા વરસાદથી પાકોને જાણે નવજીવન મળ્યુ છે. ખેડુતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. માલપુર ઉપરાંત જિલ્લાના અન્ય ભાગોમાં પણ હળવા અને ભારે ઝાપટા પડયા હોવાના સમાચારો પ્રાપ્ત થયા હતા. આ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને ગરમીથી રાહત મળી હતી જો કે અમુક વિસ્તારોમાં વિજળીના કારણે વીજ પુરવઠો ખોરવાયો હોવાનુ પણ જાણવા મળ્યુ હતું. આગામી દિવસોમાં પણ વરસાદનુ વાતાવરણ રહેવાની શકયતા છે. આ વરસાદથી ખેડુતોની ચિંતા થોડા અંશે ઓછી થઈ છે. પરંતુ સારા પાક માટે હજુ પણ વધુ વરસાદની જરૂરી છે. જો કે આ શરૂઆતથી જ તેમને સારો પાક થવાની આશા બંધાઈ છે. ખેડુતો હવે આગામી દિવસોમાં પણ સારા વરસાદ માટે પ્રાર્થના કરી રહ્યા છે જેથી તેમનો પાક સંપુર્ણપણે બચી શકે.

# ૫ ટીડીઓ વિરૂધ્ધ ૯૦ દિવસમાં કાર્યવાહીની સુચના હોવા છતાં ૮ વરસે આ ૫ ટીડીઓ વિરૂધ્ધ કાર્યવાહીના કોઈ ઠેંકાણા નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

બચુ ખાબડના વિભાગની કામગીરી રીતસર તેમના નામની જ ઉબડ ખાબડ બોલે છે, પંચાયત રાજયમંત્રી બચુ ખાબડના વિભાગમાં બધુ જ ઉબડ ખાબડ છે તેનો પુરાવો બીજો કોઈ નહી, કેગના રીપોર્ટમાં અને તેના પછી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ પીએસીમાં જોવા મળ્યો છે.

ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિએ તો તેના રીપોર્ટમાં રીતસર બચુ ખાબડનો ઉધડો જ લઈ નાખ્યો છે તેવુ કહી શકાય, આ પબ્લીક એકાઉન્ટ સમિતિએ રાજય સરકારમાં નીચલા સ્તરના અધિકારીઓમાં એક બીજાને છાવરવાની જે વૃત્તિ છે તેને લઈને જબરદસ્ત નારાજગી વ્યકત કરી હતી. આ હિસાબ સમિતિના અહેવાલમાં સ્પષ્ટ જણાવાયુ છે કે સત્તા અને અધિકાર ન હોવા છતાં પણ ટીડીઓના અધિકારીઓએ તેમના અધિકાર ક્ષેત્રની બહાર જઈને આદેશ આવ્યા છે. તેમણે હવે કયા અધિકારીની રૂએ આ પ્રકારનુ પગલુ ભર્યુ છે તે બહુ મોટો સવાલ છે. કોઈ અધિકારી




પાસે જેની સત્તા જ ન હોય તે અધિકારી તેના અધિકાર ક્ષેત્રની બહાર આદેશ કઈ રીતે કરી શકે, સરકારમાં તો અધિકાર ક્ષેત્રની અંદર પણ આદેશ આપવામાં આવે તો પણ કામ થતુ નથી. તો અહીં તો આખી જ વાત તેનાથી ઉલ્ટી છે, આ ટીડીઓ અધિકારીઓએ તેમની સત્તા બહાર જઈ આદેશ આપ્યો છે અને તે પણ કામ થયા છે. તેમની વચ્ચે આ કયા પ્રકારનો અદ્રશ્ય ભાઈચારો છે તેવો આ સમિતિના અહેવાલમાં પુછવામાં આવ્યો છે. આ પ્રકારે આદેશ કરનારાઓને ખબર નથી કે આ કંઈ તેમના અધિકાર ક્ષેત્રમાં જ નથી આવતુ. અધિકાર જ નથી તેવા ટીડીઓએ ખેતીની જમીન બિનખેતીમાં તબદીલ કરવાના હુકમ કર્યા છે, આશ્ચર્યની વાત તો એ છે કે પંચાયત વિભાગ દ્વારા છેલ્લા ૮ વરસથી આ અધિકારીઓને બચાવવામાં આવી રહ્યા છે. પંચાયત વિભાગ જાણે આ અધિકારીઓ માટે બચાવદુત બનીને આવ્યુ છે. તેમની સામેના દરેક પગલા સામે તે ઢોલ બનીને ઉભુ રહી ગયુ છે. આશ્ચર્યની વાત એ છે કે આ પ્રકારે ગેરકાયદેસર પગલા ભરનારનો બચાવ કઈ રીતે કરી શકાય, સામાન્ય રીતે સરકારનો વિભાગ તો કોઈપણ પ્રકારની આવી ગેરવ્યાજબી વાત આવે ત્યારે છેડો ફાડી નાખવા માટે જાણીતો હોય છે. પણ અહીં તો સરકારી વિભાગ પણ ટીડીઓના બચાવમાં તેના અધિકાર ક્ષેત્રની બહાર જતો રહ્યો છે. આ રીતે અધિકારીઓ અને તંત્ર બંનેએ અધિકાર ક્ષેત્રો લાગવાની જાણે કોઈ નવાજ પરંપરા સર્જી દીધી છે.

હવે આ બધુ સંયોગ છે કે સેટીંગ તે સવાલ બધા પુછી રહ્યા છે. હવે આટલો બધો સંયોગ જ હોય તેવી વાત તો કોઈ માનવા પણ તૈયાર થાય તેમ નથી.

તેમાં પણ વિભાગ પાછો પંચાયતી રાજ રાજયમંત્રી બચુ ખાબડનો છે તેથી હવે આ વાત વિપક્ષને તો જવા દો, પરંતુ સત્તાધારી પક્ષ ભાજપના લોકોને પણ ગળે ઉતરે તેમ નથી. પબ્લીક એકાઉન્ટ કમિટીના વડા જીતુ વાઘાણીએ વિધાનસભામાં રજુ કરેલા અહેવાલમાં જણાવ્યુ હતુ કે ૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજ ભારતના કોમ્પટ્રોલર એન્ડ ઓડીટર જનરલ (કેગ) નો જે ઓડીટ અહેવાલ રજુ થયો તેમાં જમીન મહેસુલ સંહિતાની કલમ ૬૫ અને ૬૭ હેઠળ જેમને બિનખેતી અને એનએ ના અધિકારો ન હોવા છતાં તેવી ૭ તાલુકા પંચાયતના ટીડીઓએ જમીન પરીવર્તનના ૨૮ કેસ મંજુર કર્યા નુ પકડી પાડયુ હતું. હવે આ તો પકડી પાડવામાં આવેલા કેસ છે, નહી પકડાયેલા કેસ તો કેટલાય હશે તે કોણ જાણે, આ સિવાયના ૨૪ કેસમાં જિલ્લા વિકાસ અધિકારી ડીડીઓ એનએ સ્થાને ટીડીઓએ આદેશ આપ્યા હોવાનુ ઓડીટમાં જણાવાયુ હતું. કેગ જયારે આ પ્રકારે અધિકાર ક્ષેત્રનો ભંગ, બેદરકારી, ક્ષતિ, ભુલ, નિષ્કાળજીને લઈને પંચાયત વિભાગના અધિકારીઓને ૯૦ દિવસમાં ખુલાસો આપવા જણાવ્યુ હતુ, તેના બદલે આજે ૯૦ દિવસના બદલે ૮ વરસ થયા હોવા છતાં આ મુદ્દે કોઈ જવાબ પંચાયતી રાજ વિભાગ આપ્યો નથી, હવે વિચાર કરો કે કેગ જેવી સંસ્થા જવાબ માગે, પણ પંચાયતી રાજ વિભાગ ૯૦ દિવસ તો જવા દો , પરંતુ ૮- ૮ વરસ સુધી જવાબ આપવાની તસદી ન લે તેને શું કહેવું, શું સરકારી વિભાગો આ રીતે ચાલશે, તે કેગે પુછેલા સવાલના જવાબો પણ નહી આપી શકે. આ તો તુમારશાહીની રીતસર હદ થઈ કહેવાય, તેથી ભાજપમાં કેટલાક મજાકમાં કહી રહ્યા છે કે બચુ ખાબડે આખા પંચાયતી રાજ વિભાગને ઉબડ ખાબડ કરી નાખ્યો છે.

પંચાયત રાજ વિભાગની એક નિષ્કાળજીની પબ્લીક એકાઉન્ટ સમિતિએ પણ નિર્ણય લીધો છે. કેગે કચ્છ, મહેસાણા, વાંકાનેર, ટંકારા અને મોરબી ટીડીઓની કાર્યવાહી કરવાનુ શરૂ કર્યુ હતુ પરંતુ પંચાયતી રાજ વિભાગ કેગની આ સુચનાને ગોળીને પી ગયુ છે. આજે સપ્ટેમ્બર મહિનો પુરો થઈ ગયો હોવા છતાં પણ કોઈ કાર્યવાહી થઈ નથી.

# હિંમતનગર શામળાજી રોડ ઉપર થયેલ ગમખ્વાર અકસ્માતમાં ૨ ના મોત : પતરૂ કાપીને લાશો બહાર કઢાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શામળાજી નેશનલ નંબર હાઈવે ૮ પર ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૨ લોકોના ઘટનાસ્થળે મોત નિપજયા હતા જયારે અન્ય ૩ ને ગંભીર ઈજા થઈહતી. એક કાર બેકાબુ થઈને ડીવાઈડરની રેલીંગ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે રેલીંગનુ પતરૂ કારમાં ઘુસી ગયુ હતું. કારમાં કુલ ૫ લોકો સવાર હતા. અકસ્માત બાદ કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. રેલીંગનુ પતરૂ કારમાં ઘુસી જતા અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે રેસ્કયુ ઓપરેશન કરવુ પડયુ હતું.



પતરૂ કાપીને મૃતદેહોને બહાર કાઢવા પડયા હતા. ઈજાગ્રસ્ત ત્રણેય લોકોને તાત્કાલીક સારવાર માટે નજીકની હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માતનુ ચોકકસ કારણ જાણવા વધુ તપાસ ચાલી રહી છે.

# હિંમતનગર નગરપાલિકાના ભાજપના કોર્પોરેટર કિરીટ શાહ સહિત ૧૧ લોકોને સેશન્સ કોર્ટે ૩ વરસની સજા ફટકારી

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરની સેશન્સ કોર્ટે ભાજપના નગરપાલિકાના કોર્પોરેટર સહિત ૧૧ ઈસમોને ૩ વરસની સજા ફટકારતા હિંમતનગરમાં રાજકારણ ગરમાયુ છે. હિંમતનગરના નવા ગામના ગીરીશભાઈએ વ્યાજખોરોના ત્રાસથી જુલાઈ ૨૦૧૯ માં સેલફોર્સ ની ગોળીઓ ખાઈ જીવન ટુંકાવ્યુ હતું. મૃતક ગીરીશભાઈએ સ્યુસાઈટ નોટ લખતા પહેલા ૧૦૦ રૂપીયાના સ્ટેમ્પ પેપરમાં સ્યુસાઈટ નોટ લખી એ ડીવીજન પોલીસને આરપીએડીથી મોકલી આપી હતી. હિંમતનગરના નવા ગામના શખ્સે વ્યાજખોરો અને મળતીયાઓ પાસેથી નાણાં લઈ પરત ન કરનાર કુલ ૧૨ શખ્સોના ત્રાસથી નાસીપાસ થઈ જતા રૂપીયા ૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર તમામ વિગતો




લખી આરપીએડીથી એ ડીવીજન પોલીસને મોકલી આપી હતી. ત્યારબાદ રાત્રે સેલફોર્સની ગોળીઓ ગળી જઈ જીવન ટુંકાવી લેવાના કિસ્સામાં પ્રિન્સિપલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજે તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ તમામ ૧૨ આરોપી શખ્સોને મરવા સુધીનુ દબાણ કરવા બદલ કસુરવાર ઠરાવી ૩ વરસની સજાનો હુકમ કરતા વ્યાજખોરોમાં ફફડાટ વ્યાપી ઉઠયો છે. નવા ગામના ગીરીશભાઈ પ્રજાપતિએ હિંમતનગરના કિરીટભાઈ જી. શાહ , કનુભાઈ ડી. પટેલ, હરીશભાઈ એમ પટેલ, અંકુરસિંહ પી રહેવર, પ્રેમસિંહ ડી સિસોદીયા, કમલેશભાઈ બી પટેલ અને દ્વારકાદાસ એન પટેલ પાસેથી ઉંચા વ્યાજે નાણાં લીધા હતા અને ઉચુ વ્યાજ વસુલવા પઠાણી ઉઘરાણી કરી સતત ત્રાસ આપી રહ્યા હતા. મહોબતસિંહ જે ઉદાવત અને પુંજાભાઈ સી રબારીએ ગીરીશભાઈ સાથે કોઈ નાણાંકીય વ્યવહાર કરેલ ન હોવા છતાં ગીરીશભાઈને નાણાંની ઉઘરાણી કરી ત્રાસ આપી રહ્યા હતા. તથા અરવિંદભાઈ કે. રબારી, વિનોદ એ પંચાલ, શૈલેષકુમાર સી પંચાલને ગીરીશભાઈએ નાણાં આપ્યા હોવા છતાં ત્રણેય જણાએ ભેગા મળી નાણાં પરત ન કરી હેરાન પરેશાન કરી મુકયા હતા. તમામ શખ્સોના ત્રાસથી કંટાળી ગયેલ ગીરીશભાઈએ ગઈ તા. ૫/૭/૨૦૧૯ ના રોજ સ્યુસાઈડ નોટ લખી આરપીએડીથી એ ડીવીઝન પોલીસને મોકલી આપી હતી. તે જ દિવસે રાત્રે સાડા દસેક વાગ્યાના સુમારે પોતાના ઘરે જ જીવન ટુંકાવવાના આશયથી સેલફોર્સની ગોળીઓ ખાઈ ગયા હતા અને સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમાં લઈ ગયા બાદ સારવાર દરમિયાન તેમનુ મોત નિપજયુ હતું. આ અંગે મૃતકની પત્ની કંચનબેને તમામ ૧૨ શખ્સો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી. મદદનીશ જિલ્લા સરકારી વકીલ વિક્રમસિંહ પરમારે જણાવ્યુ હતુ કે મરવા સુધીનુ દુષ્પ્રેરણા કરવા અંગેનો કેસ કમિટ થઈ આવતા એફએસએલ મેડીકલ રીપોર્ટ, હેન્ડ રાયટીંગ એકસપર્ટ સાક્ષીઓ વગેરે રજુ કરતા હિંમતનગર પ્રિન્સિપલ ડીસ્ટ્રીકટ જજ કે આર રબારીએ તા. ૧૮ સપ્ટેમ્બર ના રોજ તમામ ૧૨ આરોપીઓને આઈપીસી કલમ ૩૦૬ અને ૧૧૪ ના ગુન્હા હેઠળ કસુરવાર ઠરાવ્યા હતા.

# વડાપ્રધાને દુર ગામડેથી આવેલ બાળકે દોરેલુ ચિત્ર સ્વીકાર્યુઃ મોદીને જોઈને તે રડી પડયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ઘરે થી બધા કહેતા હતા કોઈ તારૂ ચિત્ર સ્વીકારશે નહી, પીએમ મોદીને પેઈંટીંગ લઈને આવેલા રવિ સંજયભાર પરમાર નામના બાળકે જણાવ્યુ હતુ કે હું નાગધણીબા ગામેથી મોદી સાહેબનુ ચિત્ર દોરીને લાવ્યો હતો અને તેમણે મારૂ ચિત્ર સ્વીકાર્યુ અને મને બહુ જ ખુશી થઈ, મને મારા ઘરેથી બધા કહેતા હતા કે કોઈ તારૂ ચિત્ર સ્વીકારશે નહી,

પોલીસે મને સ્ટેજ પાસે આવવાનો મોકો દીધો , રવિ પરમારે આગળ જણાવ્યુ હતુ કે મને તો હતુ નહી કે મારૂ ચિત્ર સ્વીકાશે,



પણ હું મારા પર વિશ્વાસ રાખી અહીં સુધી પહોચી ગયો અને કેટલાક પોલીસે પણ મારી મદદ કરી અને તેમણે મને સ્ટેજ પાસે આવવાનો મોકો દીધો, એટલા માટે મારૂ ચિત્ર મોદી સાહેબે સ્વીકાર્યુ, મને કહેવાનુ મન થાય છે કે મોદી સાહેબે મારૂ ચિત્ર લીધુ એવી જ રીતે મારૂ સન્માન કર્યુ, અને બધા વચ્ચે મારૂ ચિત્ર લીધુ એવી જ રીતે બીજા બાળકોનુ પણ આવી રીતે મોદી સાહેબ સન્માન કરે એવુ કહેવા માંગુ છેં. જેસ્મિકા બંસલે હિરાબા સાથેની મોદીની તસ્વીરો આપી જયારે ભાવનગર કલેકટરની દિકરી જેસ્મિકા મનીષકુમાર બંસલે પીએમના માતા હિરાબાનુ ચિત્ર બનાવ્યુ હતુ તેમની પાસેથી પણ આ પેઈંટીંગ કલેકટ કરવામાં આવ્યુ હતું.